## પ્રકરણ : ૧૭

# કલ્પવાસી વૈમાનિક દેવ અને તેના પુણ્યોદયજન્ય દુઃખ

**પ્રકરણની રૂપરેખા**


☼ પ્રાસ્તાવિક
- વૈમાનિક દેવ કોને કહે છે ?
- વૈમાનિક દેવના ભેદ
- વૈમાનિક દેવના વિમાનોનું વર્ણન
- ૧૬ સ્વર્ગ અને ૧૨ કલ્પ
- સૌધર્મ ઇન્દ્ર
- લૌકાંતિક દેવો
- **કલ્પવાસી વૈમાનિક દેવનું સ્વરૂપ**
- **કલ્પવાસી વૈમાનિક દેવના પુણ્યોદયજન્ય દુઃખ**
  1. પુણ્યોદય અને તેથી પ્રાપ્ત સામગ્રી સુખનું સાધન નથી
  2. પુણ્યોદય જીવના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ થઇ શકે
  3. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે
  4. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી દુઃખની વૃદ્ધિ જ થાય છે
  5. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ : મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વ
- **પુણ્યોદયજન્ય દુઃખ ટાળવાનો ઉપાય**

☼ ઉપસંહાર





(કુંડલિયા)


**सुखासुख-विधानेन, विशेषः पुण्य-पापयोः ।**
**नित्य-सौख्यम् पश्यद्भिः, मन्यते मुग्ध बुद्धिभिः ।।**

**पश्यन्तो जन्म कान्तारे, प्रवेशं पुण्य-पापतः ।**
**विशेषं प्रतिपद्यन्ते, न तयोः शुद्धबुद्धयः ।।**

ભાવાર્થ : જેમને આત્મિક શાશ્વત સુખનો અનુભવ કે ઓળખાણ નથી તેવા મૂઢ બુદ્ધિવાળા અજ્ઞાની જીવો જ પુણ્યના ઉદયને સુખરૂપ અને પાપના ઉદયને દુઃખરૂપ માની સુખ-દુઃખના વિધાનરૂપે પુણ્ય-પાપમાં ભેદ માને છે.

પરંતુ જેમ પાપનો ઉદય સંસારવનમાં પ્રવેશ કરાવે છે તેમ પુણ્યનો ઉદય પણ કરાવે છે એ સમજનાર શુદ્ધ બુદ્ધિવાળા જ્ઞાની જીવો પુણ્ય-પાપમાં કોઈ ભેદ માનતા નથી.
(અમિતગતિકૃત યોગસાર-પ્રાભૃત : અધિકાર ૪ : બંધાધિકાર : ગાથા ૩૯,૪૦)

પાપના ઉદયને આખું જગત દુઃખરૂપ જાણે છે અને તે તો દુઃખરૂપ છે જ. પરંતુ પુણ્યનો ઉદય પણ દુઃખરૂપ જ છે. કેમ કે, જેમ પાપનો ઉદય જીવને સંસારરૂપી વનમાં પ્રવેશ કરાવે છે તેમ પુણ્યનો ઉદય પણ કરાવે છે. તેથી પાપના ઉદયની જેમ પુણ્યનો ઉદય પણ જીવના દુઃખનું જ કારણ છે. વાસ્તવમાં કોઇપણ કર્મ —પાપ કે પુણ્ય— નો ઉદય કોઇપણ પ્રકારના અપવાદ વિના જીવના દુઃખનું જ કારણ હોય છે. પણ મૂઢ બુદ્ધિવાળો અજ્ઞાની જીવ પાપના ઉદયને દુઃખરૂપ માને છે તેમ પુણ્યના ઉદયને દુઃખરૂપ માનતો નથી. તેથી તેના માટે પાપ જેમ 'હેય છે તેમ પુણ્ય હોતું નથી. તેથી તે પુણ્ય અને પુણ્યના ફળમાં આસક્ત બની પુણ્યોદયજન્ય દુઃખને પામે છે અને સંસારવનમાં ભ્રમણ કરે છે. જેણે સંસારવનમાંથી બહાર નીકળી મોક્ષમાર્ગમાં પ્રવેશ પામવો હોય તેણે પુણ્યના ઉદયને પણ દુઃખરૂપ જાણી હેય માનવું જરૂરી છે. આ બાબત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું નીચેનું કથન દૃષ્ટવ્ય છે—



*'જૈન ધર્મમાં તો સર્વજ્ઞ ભગવાને એમ કહ્યું છે કે પુણ્યને જે ધર્મ માને છે તે કેવળ ભોગને જ ઇચ્છે છે; કેમ કે, પુણ્યના ફળમાં તો સ્વર્ગાદિના ભોગની જ પ્રાપ્તિ થાય છે. તેથી જેને પુણ્યની ભાવના છે તેને ભોગની જ એટલે કે સંસારની જ ભાવના છે પણ મોક્ષની ભાવના નથી.'* (ગુરુદેવશ્રીના વચનામૃત નં. ૧૦૮)

***'જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે તેને આત્માના ધર્મની રુચિ નથી.'*** (ગુરુદેવશ્રીનાવચનામૃત નં. ૫૨)

***'જેને સર્પ કરડયો હોય અને તેનું ઝેર ચઢયું હોય તેને લીમડાના કડવા પાંદડા પણ મીઠા લાગે છે, તેમ***

***જેને મિથ્યાત્વ–મોહરૂપ સર્પ કરડયો છે અને તેનું ઝેર ચઢયું હોય તેને શુભભાવમાં–પુણ્યભાવમાં મીઠાશ લાગે છે.'*** (પ્રવચનરત્નાકર : ભાગ ૧૦, પાનું ૧૨૯)

પુણ્યના ફળમાં સંસારની દેવ ગતિની પ્રાપ્તિ થાય છે. દેવોના ચાર 'નિકાય'માં સર્વોત્કૃષ્ટ પુણ્ય ધરાવનારા વૈમાનિક દેવો છે. તેથી વૈમાનિક દેવોમાં પુણ્યના ઉદયની પ્રમુખતા છે. પુણ્યના ઉદયની આ પ્રમુખતા જ તેમનામાં પુણ્યોદયજન્ય દુઃખની પ્રમુખતાને દર્શાવે છે. તેથી આ પ્રકરણમાં પુણ્યોદયજન્ય દુઃખનું વર્ણન વૈમાનિક દેવના કલ્પવાસી દેવોના આધારે કરવામાં આવશે. પણ તે પહેલા આ કલ્પવાસી વૈમાનિક દેવો, તેમના રહેઠાણના વિમાન અને તેમનું સ્વરૂપ જાણીએ.

## વૈમાનિક દેવ કોને કહે છે ?

**ઊર્ધ્વલોકમાં રહેતા દેવોને વૈમાનિક દેવ કહે છે.**

આ દેવોના નિવાસ વિમાન તરીકે ઓળખાતા હોવાથી અને તે ઉપરાંત તેમાં રહેતા દેવોને હરવા ફરવા માટેના વાહન પણ વિમાન તરીકે ઓળખાતું હોવાથી આ દેવોનું વૈમાનિક નામ સાર્થક છે.

વૈમાનિક દેવોના નિવાસના વિમાનોના સમૂહને સ્વર્ગ તરીકે ઓળખવામાં આવતા હોવાથી આ દેવો સ્વર્ગવાસી દેવ તરીકે પણ ઓળખાય છે.

ભવનવાસી, વ્યંતરવાસી, જ્યોતિર્વાસી અને સ્વર્ગવાસી એ ચારેય પ્રકારના દેવોમાં સ્વર્ગવાસી કે વૈમાનિક દેવ સૌથી ઊંચી કક્ષાના અને સર્વોત્કૃષ્ટ પુણ્યના ધારક હોય છે.

## વૈમાનિક દેવના ભેદ

વૈમાનિક દેવના બે ભેદ છે—
૧. કલ્પવાસી અને ૨. કલ્પાતીત.

પ્રથમ સોળ સ્વર્ગ સુધીના વૈમાનિક દેવોમાં ૧. ઈન્દ્ર, ૨. સામાનિક, ૩. ત્રાયસ્ત્રિંશ, ૪. પારિષદ, ૫. આત્મરક્ષક, ૬. લોકપાળ, ૭. અનીક, ૮. પ્રકીર્ણ, ૯. આભિયોગ્ય અને ૧૦. કિલ્વિષિક એમ કુલ દશ પ્રકારના ભેદની કલ્પના બને છે. તેથી તે દેવો કલ્પોપન્ન કે કલ્પવાસી કહેવાય છે. અહીં કલ્પનો અર્થ ભેદ છે. ભવનવાસી, વ્યંતર અને જ્યોતિષી દેવોમાં પણ આવા ભેદની કલ્પના હોવાથી તેઓ પણ કલ્પવાસી છે. તોપણ રૂઢિથી એકથી સોળ સ્વર્ગ સુધીના વૈમાનિક દેવો જ ખાસ કરીને કલ્પવાસી તરીકે ઓળખાય છે.

વૈમાનિક દેવોમાં સોળ સ્વર્ગ ઉપર નવ ગ્રૈવેયક, નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનના દેવોમાં ઉપરોક્ત દશ પ્રકારના ભેદની કલ્પના હોતી નથી. તેથી તેઓ કલ્પાતીત તરીકે ઓળખાય છે. બધાં કલ્પાતીત વૈમાનિક દેવો એક સરખા વૈભવ અને ઋદ્ધિના ધારક તેમ જ સમાન કોટિના હોય છે. તેઓ બધાં પોતે જ ઈન્દ્ર હોય તેવો અધિકાર અને સામાર્થ્ય ધરાવે છે. તેથી તેઓ અહમિન્દ્ર તરીકે પણ ઓળખાય છે.

## વૈમાનિક દેવના વિમાનોનું વર્ણન


**વૈમાનિક દેવનો નિવાસ વિમાનમાં હોય છે. આ વિમાન ૧. ઈન્દ્રક, ૨. શ્રેણીબંધ અને ૩. પ્રકીર્ણક એમ ત્રણ પ્રકારના હોય છે.**

જેમ કોઈ ૬૩ માળનું શંકુ આકારનું બહુમાળી મકાન હોય અને નીચેથી ઉપર જતા દરેક માળના બ્લોક ક્રમશઃ ઘટતા જાય છે તેમ આ વિમાનોના પટલોની ગોઠવણી હોય છે. વૈમાનિક દેવના વિમાનોના કુલ ૬૩ પટલો સુમેરુપર્વતની ચૂલિકાથી શરૂ કરીને સિદ્ધશિલા સુધી ગોઠવાયેલા હોય છે. બે પટલ વચ્ચેનો ખાલી અંતરાલ ભાગ અસંખ્યાત યોજનનો હોય છે. દરેક પટલની વચ્ચોવચ્ચ આવેલા દેવોના નિવાસ માટેના વિમાનને '*ઈન્દ્રક*' કહે છે. ૬૩ પટલના આવા કુલ ૬૩ ઈન્દ્રક વિમાનો છે. આ પૈકી નીચેના ૫૨ પટલના કુલ ૫૨ ઈન્દ્રક વિમાનો કલ્પવાસી દેવોના છે. બાકીના ઉપરના ૧૧ પટલના ૧૧ ઈન્દ્રક વિમાનો કલ્પાતીત દેવો એટલે કે અહમિન્દ્રોના છે. સૌ પ્રથમ ઋતુ નામક ઈન્દ્રક વિમાનનો વિસ્તાર ૪૫ લાખ યોજન (૫૭૬૦૦૦૦૦ કિ.મી.) અને અંતિમ ૬૩મા સર્વાર્થસિદ્ધિ નામક ઈન્દ્રક વિમાનનો વિસ્તાર એક લાખ યોજન (૧૨૮૦૦૦૦ કિ.મી.) હોય છે.



દરેક ઈન્દ્રક વિમાનની ચારેય દિશાઓ—(ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ)—માં ક્રમસર હારબંધ ગોઠવાયેલો વિમાનો હોય છે તેને '*શ્રેણીબદ્ધ*' વિમાનો કહે છે. કલ્પવાસી વૈમાનિક દેવોના આવા કુલ ૭૫૯૮ શ્રેણીબદ્ધ વિમાનો છે. શ્રેણીબદ્ધ વિમાનોના વચલા ગાળામાં અને ઈન્દ્રકવિમાનની ચારેય વિદિશાઓ—(ઇશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય)—માં આવેલા છૂટાછવાયા વિખરાયેલા વિમાનો હોય છે. તેને '*પ્રકીર્ણક*' વિમાનો કહે છે. કલ્પવાસી દેવોના આવા પ્રકીર્ણક વિમાનો ૮૪૮૯૦૫૬ જેટલાં છે.

૫૨ ઈન્દ્રક, ૭૫૯૨ શ્રેણીબદ્ધ અને ૮૪૮૯૦૫૬ પ્રકીર્ણક મળીને કુલ ૮૪૯૬૭૦૦ વિમાનો કલ્પવાસી દેવના હોય છે.




વૈમાનિક દેવનું સૌ પ્રથમ ઈન્દ્રક વિમાન સુમેરુપર્વતની ચૂલિકાથી માત્ર એક વાળ જેટલા અંતરે તેની ઉપર આવેલું છે. આ પ્રથમ ઈન્દ્રકને ફરતાં ચારે ય દિશાઓમાં ૬૨-૬૨ શ્રેણીબદ્ધ વિમાનો છે. તેની ઉપર બીજા ઈન્દ્રક વિમાનને ફરતા ચારે ય દિશાઓમાં ૬૧-૬૧ શ્રેણીબદ્ધ વિમાનો છે. આ રીતે ક્રમપૂર્વક આગળ વધતા દરેક ઈન્દ્રકની પ્રત્યેક દિશામાં આવેલા શ્રેણીબદ્ધ વિમાનો એક-એક ઘટતા જાય છે. તેથી કલ્પવાસી તેના અંતિમ બાવનમાં ઈન્દ્રકની ચારેય દિશાઓમાં ૧૧-૧૧ શ્રેણીબદ્ધ વિમાનો છે. ત્રેપન થી ત્રેસઠ સુધીના ઈન્દ્રક વિમાનો કલ્પાતીત દેવોના છે. તેમાં બાસઠ અને ત્રેસઠ નંબરના ઈન્દ્રક વિમાનની ચારેય દિશામાં એક-એક શ્રેણીબદ્ધ વિમાન હોય છે.

## ૧૬ સ્વર્ગ અને ૧૨ કલ્પ

કલ્પવાસી વૈમાનિક દેવોના રહેઠાણના વિમાનો ૧૬ જુથમાં વહેંચવામાં આવેલ હોય છે તેને ૧૬ સ્વર્ગ તરીકે ઓળખવામાં આવે છે. આ ૧૬ સ્વર્ગના નામ આ પ્રમાણે છે— ૧. સૌધર્મ, ૨. ઈશાન, ૩. સનત્કુમાર, ૪. માહેન્દ્ર, ૫. બ્રહ્મ, ૬. બ્રહ્મોત્તર, ૭. લાંતવ, ૮. કાપિષ્ઠ, ૯. શુક્ર, ૧૦. મહાશુક્ર, ૧૧. શતાર, ૧૨. સહસ્રાર, ૧૩. આનત, ૧૪. પ્રાણત, ૧૫. આરણ અને ૧૬. અચ્યુત. આ સોળ સ્વર્ગના સોળ ભેદ વસ્તીની અપેક્ષાએ છે.

પરંતુ આ ૧૬ સ્વર્ગના ઈન્દ્રો ૧૨ છે. તેથી ઈન્દ્રની અપેક્ષાએ તેના ૧૨ ભેદ છે. આ ૧૨ ભેદને ૧૨ કલ્પ તરીકે ઓળખવામાં આવે છે. સોળ સ્વર્ગ પૈકીના વચ્ચેના આઠ સ્વર્ગમાં બબ્બે સ્વર્ગ વચ્ચે એક ઈન્દ્ર હોય છે. આમ બ્રહ્મ અને બ્રહ્મોત્તર વચ્ચે એક જ ઈન્દ્ર બ્રહ્મ છે. તેથી બ્રહ્મ કલ્પમાં બ્રહ્મ સ્વર્ગ અને બ્રહ્મોત્તર સ્વર્ગ બન્ને આવી જાય છે. તે જ રીતે લાંતવ અને કાપિષ્ઠ વચ્ચે એક ઈન્દ્ર લાંતવ છે. શુક્ર અને મહાશુક્ર વચ્ચે મહાશુક્ર ઈન્દ્ર તેમ જ શતાર અને સહસ્રાર વચ્ચે સહસ્રાર ઈન્દ્ર હોય છે. બે સ્વર્ગો વચ્ચે એક જ ઈન્દ્ર હોય તેવા કલ્પને યુગલ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રીતે બ્રહ્મ અને બ્રહ્મોત્તર સ્વર્ગ ધરાવતું બ્રહ્મ કલ્પ એ બ્રહ્મ યુગલ પણ કહેવાય છે. તે જ રીતે લાંતવ યુગલ, મહાશુક્ર યુગલ અને સહસ્રાર યુગલ છે.

ઈશાન કલ્પ એ સૌધર્મ કલ્પની ઉપર હોતું નથી પણ ૩૧ ઈન્દ્રક વિમાનો સહિત દક્ષિણ દિશા તરફના વિમાનોનો સ્વામી સૌધર્મ ઈન્દ્ર હોય છે અને બાકીના ઉત્તર દિશા તરફના વિમાનોનો સ્વામી ઈશાન ઈન્દ્ર હોય છે. આ અપેક્ષાએ સૌધર્મ અને ઈશાન કલ્પ મળીને સૌધર્મ યુગલ તરીકે ઓળખાય છે. તે જ રીતે સનત્કુમાર અને મહેન્દ્ર કલ્પ પણ સનત્કુમાર યુગલ તરીકે ઓળખાય છે.

ઈન્દ્રનો નિવાસ ઈન્દ્રક વિમાનના દક્ષિણ દિશા તરફનાશ્રેણીબદ્ધ વિમાનમાં અથવા ઉત્તર દિશા તરફના શ્રેણીબદ્ધ વિમાનમાં હોય છે. દક્ષિણ દિશા તરફના વિમાનમાં નિવાસ કરનાર ઈન્દ્રને દક્ષિણ ઈન્દ્ર અને ઉત્તર દિશા તરફના વિમાનમાં નિવાસ કરનાર ઈન્દ્રને ઉત્તર ઈન્દ્ર કહેવાય છે.સૌધર્મ ઈન્દ્ર, સનત્કુમાર ઈન્દ્ર, બ્રહ્મ ઈન્દ્ર, મહાશુક્ર ઈન્દ્ર, આનત ઈન્દ્ર અને આરણ ઈન્દ્ર એ ૬ દક્ષિણ દિશા સંબંધી દક્ષિણ ઈન્દ્ર છે. બાકીના ઈશાન ઈન્દ્ર, માહેન્દ્ર ઈન્દ્ર, લાંતવ ઈન્દ્ર, શતાર ઈન્દ્ર, પ્રાણત ઈન્દ્ર અને અચ્યુત ઈન્દ્ર એ ૬ ઉત્તર દિશા સંબંધી ઉત્તર ઈન્દ્ર છે.


નીચે કોઠામાં કલ્પવાસી દેવોના ઈન્દ્રની અપેક્ષાએ તેના કલ્પોના નામ અને તેના વિમાનોની સંખ્યા આપેલી છે તેમાં એકી નંબરના બધા ઈન્દ્રો દક્ષિણ ઈન્દ્ર છે અને બેકી નંબરના બધા ઈન્દ્રો ઉત્તર ઈન્દ્ર છે.

| કલ્પ કે ઈન્દ્રનો ક્રમ | કલ્પનું નામ કે ઈન્દ્રનું નામ | ઈન્દ્રક વિમાન | શ્રેણીબદ્ધ વિમાન | પ્રકીર્ણક વિમાન | કુલ વિમાન |
|---|---|---|---|---|---|
| ૧. | સૌધર્મ | ૩૧ | ૪૩૭૧ | ૩૧૯૫૫૯૮ | ૩૨ લાખ |
| ૨. | ઈશાન | - | ૧૪૫૭ | ૨૭૯૮૫૪૩ | ૨૮ લાખ |
| ૩. | સનત્કુમાર | ૭ | ૫૮૮ | ૧૧૯૯૪૦૫ | ૧૨ લાખ |
| ૪. | માહેન્દ્ર | - | ૧૯૬ | ૭૯૯૮૦૪ | ૮ લાખ |
| ૫. | બ્રહ્મ | ૪ | ૩૬૦ | ૩૯૯૬૩૬ | ૪ લાખ |
| ૬. | લાંતવ | ૨ | ૧ | ૪૯૮૪૨ | ૫૦ હજાર |
| ૭. | મહાશુક્ર | ૧ | ૭૨ | ૩૯૯૨૭ | ૪૦ હજાર |
| ૮. | સહસ્રાર | ૧ | ૬૮ | ૫૯૩૧ | ૬ હજાર |
| ૯. ૧૦. ૧૧. ૧૨. | આનત, પ્રાણત, આરણ, અચ્યુત | ૬ | ૩૨૪ | ૩૭૦ | ૭૦૦ |
| | સમગ્ર કુલ | ૫૨ | ૭૫૯૨ | ૮૪૮૯૦૫૬ | ૮૪૯૬૭૦૦ |

(નોંધ : આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પના વિમાનોની અલગ અલગ સંખ્યા પ્રાપ્ત ન હોવાથી ભેગી સંખ્યા આપવામાં આવી છે)

## સૌધર્મ ઈન્દ્ર

**સૌ પ્રથમ સૌધર્મ નામના સ્વર્ગના ઈન્દ્રને સૌધર્મ ઈન્દ્ર કહે છે.**



આપણા ભરત ક્ષેત્રના તીર્થંકરના પાંચેય કલ્યાણક પ્રસંગો સૌધર્મ ઈન્દ્રની પ્રમુખતામાં ઉજવાઇ છે. તેથી અહીં તેની ટૂંકી માહિતી આપવામાં આવે છે.

સૌધર્મ યુગલના પ્રથમ ઈન્દ્રક વિમાન ઋતુથી માંડીને અંતિમ ઈન્દ્રક વિમાન પ્રતી સુધીના કુલ ૩૧ ઈન્દ્રક વિમાનો; તેની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશા સંબંધી ૪૩૭૧ શ્રેણીબદ્ધ વિમાનો તેમજ નૈઋત્ય અને અગ્નિમાં સ્થિત ૩૧૯૫૫૯૮ પ્રકીર્ણક વિમાનો મળીને કુલ ૩૨ લાખ વિમાનોનો બનેલો સૌધર્મ કલ્પ છે. અને તેનો જાડો સૌધર્મ ઈન્દ્ર છે. સૌધર્મ યુગલના અંતિમ એકત્રીસમા ઈન્દ્રક પ્રતીની દક્ષિણ દિશામાં સ્થિત અઢારમા શ્રેણીબદ્ધ વિમાનના અમરાવતી નામના નગરમાં સૌધર્મ ઈન્દ્ર રહે છે. સૌધર્મ ઈન્દ્રના નગરના અંદરના ભાગમાં તેનો દિવ્ય પ્રાસાદ આવેલ હોય છે. આ પ્રાસાદની ઊંચાઇ ૬૦૦ યોજન (૭૬૮૦ કિ.મી.), વિસ્તાર ૧૨૦ યોજન(૧૫૩૬ કિ.મી.) અને પાયો ૬૦ યોજનનો (૭૬૮ કિ.મી.) હોય છે. સાત માળનો આ પ્રાસાદ મહાસુગંધી, મહારમણીક અને મહાઉદ્યોતરૂપ હોય છે. ભવ્યાતિભવ્ય વિભૂતિઓથી યુક્ત આ પ્રાસાદ અકૃત્રિમ અને અને અનાદિનિધન હોય છે. આ પ્રાસાદની મધ્યમાં પાદપીઠ સહિત ઉત્તમ મણિરત્નોથી બનેલું ઈન્દ્રનું સિંહાસન હોય છે, જેના પર સૌધર્મ ઈન્દ્ર બિરાજે છે. સૌધર્મ ઈન્દ્ર અને તેની ઈન્દ્રાણી શચી સમ્યગ્દૃષ્ટિ હોવા ઉપરાંત એકાવતારી હોય છે.

## લૌકાંતિક દેવો

**વૈમાનિક દેવના પાંચમા સ્વર્ગ બ્રહ્મલોકના અંતમાં રહેતા હોવાને કારણે તેમ જ એકાવતારી હોવાથી જેમના લોકના ભ્રમણનો અંત આવ્યો હોવાને કારણે આ દેવો લૌકાંતિક તરીકે ઓળખાય છે.**

તીર્થંકર ભગવાનના દીક્ષાકલ્યાણક પ્રસંગે ભગવાનના વૈરાગ્યની અનુમોદના કરતા સંબોધનરૂપ નિયોગ અર્થે તેમજ ભગવાનની ભક્તિભાવપૂર્ણ સ્તુતિ કરવા માટે લૌકાંતિક દેવો મનુષ્ય ક્ષેત્રમાં આવતા હોવાથી તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ નીચે આપવામાં આવે છે.

ઉત્તર,ઈશાન આદિ આઠ દિશાઓના વિમાનોમાં રહેતા લૌકાંતિક દેવો આઠ પ્રકારના છે— ૧. સારસ્વત, ૨. આદિત્ય, ૩. વન્હિ, ૪. અરુણ, ૫. ગર્દતીય, ૬. તુષિત, ૭. અવ્યાબાધ અને ૮. અરિષ્ટ. આ દેવો આત્મજ્ઞાની, સંપૂર્ણ શ્રુતના પારગામી, ઘણાં શાંત અને ઉત્તમ પ્રકારના છે. તેઓ અત્યંત વૈરાગી હોવાથી તેઓને દેવીઓ હોતી નથી. આમ તેઓ બાલબ્રહ્મચારી છે. વિષયોથી અત્યંત વિરક્ત અને દેવોમાં ઋષિ સમાન હોવાથી તેઓ દેવર્ષિ તરીકે જાણીતા છે. બ્રહ્મ સ્વર્ગમાં રહેતા હોવાથી બ્રહ્મર્ષિ તરીકે પણ ઓળખાય છે. આ દેવો પરસ્પર હીનાધિકતાથી રહિત હોય છે અને હંમેશાં અનિત્યાદિ બાર પ્રકારની વૈરાગ્ય ભાવનાઓ ભાવવામાં તલ્લીન રહે છે. તીર્થંકર ભગવાનનો વૈરાગ્યનો પ્રસંગ જાણી લૌકાંતિક દેવો ઘણા પ્રમુદિત થાય છે. આથી ભગવાનની મુનિ દીક્ષા પ્રસંગે તેનું અનુમોદન કરતાં તેઓ કહે છે—

*"હે પ્રભો ! આપ ધર્મતીર્થના નાયક છો અને અત્યારનો આપનો કાળ ધર્મરૂપી અમૃતને ઉત્પન્ન કરવા માટે યોગ્ય છે. આપે દેખાડેલા ધર્મતીર્થને પામી અનેક જીવો આ દુસ્તર સંસાર સમુદ્રને રમત માત્રમાં તરી જશે. ભવ્ય જીવો ચાતકની માફક આપના ધર્મામૃતની રાહ જુએ છે. માટે હે દેવ ! ધર્મની સૃષ્ટિ કરો.*

*હે વિભુ ! આપ જગતનું પાલન કરવાવાળા હોવાથી **બ્રહ્મા** છો. બધાની રક્ષા કરવાવાળા હોવાથી **વિષ્ણુ** છો. કર્મરૂપી શત્રુનો સંહાર કરનારા હોવાથી **મહેશ** છો.*

*હે વિધાતા ! આપ ધર્મરૂપી તીર્થના નેતા હોવાથી **જગતગુરુ** છો. મોક્ષમાર્ગને સ્વયં જાણનારા હોવાથી **સ્વયંભૂ** છો. મતિ–શ્રુત–અવધિજ્ઞાનરૂપી ત્રણ નેત્રોને ધારણ કરનારા હોવાથી **ત્રિનેત્ર** છો. આપ પોતે જ જિનમાર્ગના પારગામી હોવાથી **સ્વયંબુદ્ધ** છો.*

*હે જ્યોતિ સ્વરૂપ દેવ ! સમસ્ત જગતને પ્રકાશિત કરવા માટે નીકળેલા સૂર્યને પ્રકાશવા માટે કોની પ્રેરણાની જરૂર છે ? તેમ સમસ્ત જગતને પ્રબોધવા માટે ઉદ્યત થયેલા આપને કોના બોધની જરૂર છે ? તેમ છતાં અમારી ભાવનાની પુષ્ટિ કરવા શિષ્ટાચારરૂપ કર્તવ્યથી અમો આપના વૈરાગ્યની ભૂરિભૂરિ અનુમોદના કરીએ છીએ."*

આ પ્રકારના સંબોધન વડે કૃતાર્થ થયેલા લૌકાંતિક દેવો પોતાનો નિયોગ પૂરો કરીને હંસની જેમ આકાશના માર્ગને પ્રકાશિત કરતા પોતાના સ્થાન બ્રહ્મ સ્વર્ગના છેવાડે ચાલ્યા જાય છે.

## કલ્પવાસી વૈમાનિક દેવનું સ્વરૂપ

ઊર્ધ્વલોકના વિમાનોમાં વસતા દેવો વૈમાનિક તરીકે ઓળખાય છે. સંસારી જીવોમાં સૌથી વધુ પુણ્યશાળી અને સૌથી ઊંચી કક્ષાના આ દેવો છે. તેઓ અનેક પ્રકારની વિભૂતિ અને ઋદ્ધિના ધારક છે. વૈમાનિક દેવોમાં પ્રથમ સોળ સ્વર્ગ સુધી ઇન્દ્ર, સામાનિક જેવા દશ પ્રકારના ભેદની કલ્પના હોવાથી તેઓ કલ્પવાસી તરીકે ઓળખાય છે. કલ્પવાસી વૈમાનિક દેવોનું સ્વરૂપ અહીં આપવામાં આવે છે.



**પર્યાપ્તિ** : કલ્પવાસી વૈમાનિક દેવને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છયે પ્રકારની પર્યાપ્તિ હોય છે. આહાર પર્યાપ્તિમાં જે દેવનું આયુષ્ય જેટલા સાગરનું હોય તેટલા હજાર વર્ષ પછી તેમને આહાર ગ્રહણની ઇચ્છા થાય છે. જે દેવ કે દેવીનું આયુષ્ય પલ્ય પ્રમાણ હોય તેમને એક પલ્યના પાંચ દિવસના હિસાબે આહારે ગ્રહણની ઇચ્છા થાય છે. આહાર ગ્રહણની ઇચ્છા થતા તેમના કંઠમાંથી અમી ઝરે છે અને તેમને તૃપ્તિ થઇ જાય છે. શરીર પર્યાપ્તિમાં આ દેવોને પવિત્ર વૈક્રિયિક શરીર હોય છે. દેવોના દિવ્ય શરીરમાં નખ, કેશ, રોમ, ચામડી, માંસ, હાડકા, ચરબી, લોહી, નસો, મળ, મૂત્રાદિ જેવા કોઇ દોષ હોતા નથી. ઇન્દ્રિય પર્યાપ્તિમાં પાંચેય ઇન્દ્રિયો હોય છે. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિમાં જે દેવનું જેટલા સાગરનું આયુષ્ય હોય તેટલા પખવાડિયા પછી શ્વાસોચ્છ્વાસ હોય છે. કેટલાંક દેવ અને બધી દેવીઓનું આયુષ્ય પલ્ય પ્રમાણ હોય તેમને એક પલ્યના પાંચ મુહૂર્તના એકવારના હિસાબે શ્વાસોચ્છ્વાસ હોય છે. ભાષા પર્યાપ્તિમાં તેઓની ભાષા દિવ્ય હોય છે. મનઃપર્યાપ્તિમાં તેઓ હિતાહિતનો વિચાર કરી આત્મહિત સાધી શકે તેવું મન ધરાવે છે.

**જન્મનો પ્રકાર** : વૈમાનિક દેવનો ઉપપાદ જન્મ શાતાપ્રદ છે. પૂર્વોપાર્જિત મહાપુણ્યના ઉદયથી ઉપપાદ ગૃહમાં આવેલી રત્નમયી ઉપપાદ શૈયામાં ઉત્પન્ન થયેલ વૈમાનિક દેવ અંતર્મુહૂર્તમાં છયે પર્યાપ્તિઓ પૂરી કરીને સોળ વર્ષના નવયુવાન જેવું શરીર પ્રાપ્ત કરે છે. આ દેવોનો જન્મ થતાં જ ઉપપાદ શાળાના દરવાજા આપમેળે ખુલી જાય છે અને આનંદભેરી વાગવા માંડે છે. આ ભેરીના શબ્દો સાંભળી પરિવારના દેવ-દેવીઓ મંગલવાદ્યો વગાડતા અને હર્ષથી જયજયકાર કરતાં આવી પહોંચે છે અને નવા અવતરેલ દેવનું દિવ્ય સ્વાગત કરે છે. આથી આશ્ચર્યચકિત થયેલ નવજાત દેવને તુરત જ અવધિજ્ઞાન પ્રગટ થઇ જાય છે. આ સમયે કોઇ દેવ આ બધું પોતાના પૂર્વના પુણ્યનું ફળ છે તેમ જાણીને અને પૂર્વના સંસ્કારોને આગળ ધપાવીને સમ્યગ્દર્શન પણ પ્રાપ્ત કરી લ્યે છે. નવજાત દેવને અભિષેક મંડપના સિંહાસન ઉપર આરૂઢ કરાવીને સ્નાન કરાવવામાં આવે છે અને ભૂષણ શાળામાં લાવી દૈવી વસ્ત્રાભૂષણ પહેરાવવામાં આવે છે. ત્યાંથી તેને વાજતે ગાજતે શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન માટે શાશ્વત જિનમંદિરમાં લાવવામાં આવે છે. ક્ષીર સમુદ્રના નીરથી જિનેન્દ્ર ભગવાનનો અભિષેક કરી દૈવી સામગ્રી વડે જિન પૂજન કરવામાં આવે છે. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દરેક દેવ આ રીતે શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન કરી અન્ય કામમાં પ્રવૃત થાય છે.

**અવસ્થાન** : વૈમાનિક દેવના નિવાસને અવસ્થાન કહે છે. વૈમાનિક દેવનું અવસ્થાન વિમાનનું હોય છે, તેનું વર્ણન અગાઉ આવી ગયું હોય અહીં ફરીથી આપવામાં આવતું નથી.

**અવગાહના** : સૌધર્મ યુગલના દેવોના શરીરની ઊંચાઇ ૭ હાથ(૨.૮૦ મીટર) જેટલી હોય છે જે આગળ જતા ઘટતી જતા આરણ-અચ્યુત સ્વર્ગમાં ત્રણ હાથ (૧.૨૦ મીટર)ની હોય છે. આ મૂળ શરીરની ઊંચાઇ છે. દેવો વિક્રિયાથી પોતાનું શરીર નાનું-મોટું અનેક પ્રકારનું કરી શકે છે.

**આયુ** : સૌધર્મ યુગલના દેવોનું જઘન્ય આયુ ૧ પલ્યનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨ સાગરનું છે. જે વધતાં વધતાં અચ્યુત સ્વર્ગમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ સાગરનું હોય છે. પૂર્વ પૂર્વના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્યાર પછીના આગળ આગળના દેવોનું જઘન્ય આયુષ્ય બની જાય છે.

સૌધર્મ યુગલની દેવીઓનું જઘન્ય આયુ ૧ પલ્યનું હોય છે અને ઉત્કૃષ્ટ આયુ ૫ પલ્ય જેટલું છે, તે વધતાં જતા અચ્યુત સ્વર્ગની દેવીઓમાં ઉત્કૃષ્ટ આયુ ૫૫ પલ્ય જેટલું હોય છે. અહીં પણ પૂર્વ પૂર્વની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુ પછી પછીની દેવીઓનું જઘન્ય આયુ હોય છે.

**અવધિજ્ઞાનનો વિષય** : દરેક પ્રકારના વૈમાનિક દેવોનો ઉપરની તરફનો અવધિજ્ઞાનનો વિષય પોતપોતાના વિમાનના ધ્વજદંડ સુધીનો હોય છે. નીચેની તરફના અવધિજ્ઞાનનો વિષય ક્રમશઃ વધતો જાય છે. તેમાં સૌધર્મ યુગલના દેવોનો પહેલી પૃથ્વી સુધીનો, સનતકુમાર યુગલના દેવોનો બીજી પૃથ્વી સુધીનો, બ્રહ્મ યુગલ અને લાંતવ યુગલના દેવોનો ત્રીજી પૃથ્વી સુધીનો, મહાશુક્ર યુગલ અને

સહસ્રાર યુગલના દેવોનો ચોથી પૃથ્વી સુધીનો, આનત-પ્રાણતના દેવોનો પાંચમી પૃથ્વી સુધીનો અને આરણ-અચ્યુત સ્વર્ગના દેવોનો છઠ્ઠી પૃથ્વી સુધીનો અવધિજ્ઞાનનો વિષય હોય છે.વૈમાનિક દેવોનું અવધિજ્ઞાન અત્યંત સ્પષ્ટ હોય છે. તેમાં તે સંસારી જીવોના મૂર્તિક પૌદ્ગલિકકર્મોને પણ જાણી શકે છે.



**વિક્રિયા ઋદ્ધિ :** વૈમાનિક દેવો પોતાની વિક્રિયા ઋદ્ધિ વડે બે પ્રકારની વિક્રિયા કરી શકે છે. ૧. એકત્વ વિક્રિયા અને ૨. પૃથ્થકત્વ વિક્રિયા. પોતાના શરીરથી સિંહ, વાઘ, હરણ, હંસ જેવા રૂપ બનાવવા તે એકત્વ વિક્રિયા છે. અને પોતાના શરીરથી ભિન્ન મકાન, મંડપ વગેરે બનાવી દેવું તે પૃથ્થકત્વ વિક્રિયા છે. ઉપર ઉપરના દેવોમાં આ વિક્રિયા શક્તિ વધુ વધુ હોય છે. દેવોને પોતાના અવધિજ્ઞાનના વિષય જેટલી વિક્રિયા શક્તિ હોય છે.

દેવો પોતાની વિક્રિયા ઋદ્ધિ વડે પરનો ઉપકાર કે અપકાર કરવાની શક્તિ ધરાવે છે. એક પલ્યના આયુષ્યવાળા વૈમાનિક દેવ છ ખંડની પૃથ્વીમાં રહેલ મનુષ્યો અને તિર્યંચોનું પોષણ કરવાનું કે તે પૃથ્વીને ઉપાડીને તેમાં રહેલ પ્રાણીઓને મારવા સમર્થ છે. સાગરોપમના આયુષ્યવાળા દેવમાં સમગ્ર જંબુદ્વીપને ઉખાડવા જેટલી શક્તિ હોય છે. તેથી સૌધર્મ ઇન્દ્ર જંબુદ્વીપને ઉપાડીને દડાની જેમ ફેંકી શકે છે. પરંતુ તેઓ પોતાની આ શક્તિનો ઉપયોગ ક્યારેય કરતા નથી.

**લેશ્યા વિશુદ્ધિ :** વૈમાનિક દેવોમાં પીત,પદ્મ, શુક્લ જેવી શુભ લેશ્યા જ હોય છે. સૌધર્મ સ્વર્ગમાં મધ્યમ પ્રકારની પીત લેશ્યા હોય છે. આ લેશ્યાની વિશુદ્ધિ વધતાં વધતાં આનતાદિ ચાર સ્વર્ગમાં મધ્યમ પ્રકારની શુક્લ લેશ્યા હોય છે.

**પ્રવીચાર :** સ્ત્રી-પુરુષના કામસેવનને પ્રવીચાર કહે છે. ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ પ્રવીચાર ઘટતો જાય છે. જેના કારણે વૈમાનિક દેવ-દેવીનો પારસ્પરિક દાંપત્ય પ્રેમ આ પ્રકારે છે :

૧. સૌધર્મ યુગલના દેવોને વીર્યક્ષરણનો સંબંધ નહિ હોવા છતાં પોતાની દેવાંગના સાથે મનુષ્યની જેમ શરીર સંબંધ કર્યા વિના કામપીડા શાંત થતી નથી.

૨. સનતકુમાર યુગલના દેવોને પોતાની દેવાંગનાના સ્પર્શ માત્રથી કામપીડા શાંત થઇ જાય છે.

૩. બ્રહ્મ યુગલ અને લાંતવ યુગલના દેવો તેઓની દેવાંગનાના રૂપના અવલોકન માત્રથી પોતાની કામપીડા શાંત કરે છે.

૪. મહાશુક્ર યુગલ અને સહસ્રાર યુગલના દેવોને દેવાંગનાના ગીતના શબ્દો સાંભળવાથી જ તેમની કામપીડા શાંત થઇ જાય છે.

૫. આનત-પ્રાણત-આરણ-અચ્યુત સ્વર્ગના વૈમાનિક દેવોને પોતાની દેવાંગનાના સ્મરણ માત્રથી જ કામપીડા શાંત થઇ જાય છે.

**ગતિ-આગતિ :** કર્મભૂમિ કે ભોગભૂમિના મનુષ્ય અને પશુ કલ્પવાસી દેવમાં ઉપજે છે. સમ્યગ્દષ્ટિ તેમ જ મિથ્યાદષ્ટિ એમ બંને પ્રકારના મનુષ્ય કે પશુ કલ્પવાસી દેવમાં ઉપજે છે. તેઓ સામાન્યપણે સંયમી કે દેશસંયમી હોય છે. અસંયમી કે સાસદન ગુણસ્થાનવાળા પણ અહીં ઉપજી શકે છે. અહીં ઉપજનારા જીવો મહાપુણ્યશાળી હોય છે. કલ્પવાસી દેવ પર્યાય પૂરી કરીને બીજી ગતિમાં જનારો જીવ મોટાભાગે કર્મભૂમિનો મનુષ્ય કે પશુ થાય છે. મંદારમાળા કરમાઇ જવાથી ખૂબ વિલાપ કરીને મરણ પામનારા સૌધર્મ અને ઇશાન કલ્પના દેવો મરીને એકેન્દ્રિય સ્થાવર ગતિમાં પણ જાય છે. પણ આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પના દેવો કર્મભૂમિના મનુષ્ય સિવાય બીજે ક્યાંય અવતરતા નથી. કલ્પવાસી દેવો મનુષ્યો કે પશુ થાય ત્યારે અસંજ્ઞી, અપર્યાપ્ત, સંમૂર્ચ્છન કે ભોગભૂમિજ થતા નથી પણ સંજ્ઞી, પર્યાપ્ત, ગર્ભજ અને કર્મભૂમિજ મનુષ્ય કે પશુ થાય છે. તેઓ નિગોદ અને વિકલત્રયમાં ઉપજતા નથી.


**સમ્યક્ત્વનો અધિકાર :** પૂર્વેના કોઇ મનુષ્ય ભવમાં સમ્યક્ત્વ સંબંધી સંસ્કાર પ્રાપ્ત કરેલ દેવ પૂર્વના સંસ્કારોને આગળ વધારીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લ્યે છે. કલ્પવાસી દેવના ભવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારને પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન,ધર્મશ્રવણ, જિનદર્શન, દેવઋદ્ધિદર્શન જેવા નિમિત્તો હોય છે.

**કલ્પવાસીવૈમાનિક દેવમાં ઉપજવાનું કારણ :** મહાપુણ્યશાળી મનુષ્ય કે પશુ કલ્પવાસી વૈમાનિક દેવમાં ઉપજે છે. ભોગભૂમિના સમ્યગ્દષ્ટિ મનુષ્ય કે પશુ સૌધર્મ અને ઇશાન કલ્પમાં ઉપજે છે. તે સિવાયના અહીં ઉપજનારા જીવો કર્મભૂમિના જ સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ મનુષ્ય કે પશુ હોય છે. મિથ્યાત્વ સહિત પુણ્યોપાર્જન કરનારા ચરક, એકદંડી, ત્રિદંડી, પારિવ્રાજક, સન્યાસી જેવા પાંચમા બ્રહ્મસ્વર્ગ સુધી જઇ શકે છે. અને માત્ર કાંજીનો આહાર કરનારા આજીવક જેવા અંતિમ અચ્યુત સ્વર્ગ સુધી જઇ શકે છે. પાંચમા બ્રહ્મ સ્વર્ગના અંતમાં આવેલ લૌકાંતિક દેવમાં ઉપજનારા દેવો મહાવૈરાગી

ભાવલિંગી મુનિરાજો જ હોય છે.

**હીનાધિકતા :** ગમન, શરીરની ઊંચાઇ, પરિગ્રહ, અભિમાન, શ્વાસોચ્છ્વાસ, આહાર અને પ્રવીચારમાં ઉપર ઉપરના દેવોમાં હીનતા હોય છે. જ્યારે આયુ, પ્રભાવ, ઇન્દ્રિયસુખ, શરીરની કાંતિ, લેશ્યાની વિશુદ્ધિ, ઇન્દ્રિયદ્વારા વિષયગ્રહણની શક્તિ, અવધિજ્ઞાન અને વિક્રિયાની બાબતોમાં ઉપર ઉપરના દેવોમાં અધિકતા હોય છે. આ બાબત કલ્પવાસી અને કલ્પાતીત એ દરેક પ્રકારના વૈમાનિક દેવોમાં લાગુ પડે છે.

## કલ્પવાસી વૈમાનિક દેવના
## પુણ્યોદયજન્ય દુઃખ



પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઇ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઇ.

**ભાવાર્થ :** પાપ અને તેનું ફળ દુઃખરૂપ છે તેમ તો સર્વ કોઈ જાણે છે. પણ પુણ્ય અને તેનું ફળ પણ પાપની જેમ દુઃખરૂપ છે એમ કહેનાર બુદ્ધિમાન પંડિત કોઈ વિરલ જ હોય છે. (યોગીન્દુદેવકૃત યોગસાર : દોહરો નં. ૭૧)

પુણ્ય પણ પાપ સમાન છે તે બાબત બેસાડવી ઘણી મુશ્કેલ છે. અનાદિ અજ્ઞાની જીવો પુણ્યના પક્ષપાતી હોય છે.વળી વ્યવહારથી પુણ્યને મોક્ષમાર્ગ અને તેનું સાધન કહેવામાં આવે છે. તે આત્માને પવિત્ર કરી પારમાર્થિક પંથમાં આગળ વધારે છે તેમ પણ માનવામાં આવે છે. તોપણ ખરેખર પુણ્ય પણ પાપની જેમ દુઃખરૂપ અને હેય છે તેમ માનનારા કોઇ વિરલ જ હોય છે.

આ જગતના અજ્ઞાની જીવો પુણ્યને સુખ માને છે, "ઉપાદેય જાણે છે.પુણ્ય અને તેના ફળમાં મીઠાશ અનુભવે છે. તેથી પુણ્ય અને તેના ફળમાં અનુરાગી થઇ આત્મિક સુખથી "અળગાં જ રહે છે.

સંસારી જીવોને અનેક પ્રકારની પીડાઓ, ઇચ્છાઓ અને સમસ્યાઓ હોય છે. આધિ-વ્યાધિ-ઉપાધિઓથી તેમનું જીવન ત્રસ્ત હોય છે. સંસાર એ દુઃખોનો જ દાવાનળ છે. અજ્ઞાની જીવો આ દુઃખોનું નિરાકરણ પુણ્યના ઉદયમાં માને છે. એમ માનવામાં આવે છે કે પુણ્યનો ઉદય તે દરેક પ્રકારના દુઃખને દૂર કરે છે અને સુખ અપાવે છે. પણ પુણ્યનો ઉદય એ કોઇ સુખનું સાધન જ નથી. વાસ્તવમાં તે પોતે જ દુઃખરૂપ છે એટલું જ નહિ દુઃખની વૃદ્ધિનું પણ કારણ છે.

આ જીવ પુણ્ય અને પુણ્યના ફળમાં સુખ માની જેટલો છેતરાઇ છે તેટલો બીજે ક્યાંય છેતરાતો નથી. પાપ અને તેના ફળને તો બધાં દુઃખરૂપ માને છે. તેથી પાપને હેય જાણે છે. પાપથી ડરે છે અને પાપ કરવાથી પાછા હઠે છે. પણ આ જીવ પાપની જેમ પુણ્ય અને તેના ફળને દુઃખરૂપ માની શકતો નથી. કેમ કે, તેને પ્રત્યક્ષપણે પુણ્યનો ઉદય સુખરૂપે વેદાય છે. તેથી પુણ્યના ઉદયમાં સુખબુદ્ધિનો અસ્વીકાર થઇ શકતો નથી. પણ પુણ્યમાં સુખબુદ્ધિ એ એક એવું મિથ્યાત્વ છે કે જે માત્ર સમ્યક્ત્વની પ્રાપ્તિને જ અટકાવતું નથી પણ તે ઉપરાંત આત્માર્થીતાની યોગ્યતાને પણ અટકાવે છે. તેથી સૌથી પહેલી ભૂમિકામાં જ પુણ્યમાં સુખબુદ્ધિ ટાળવી આવશ્યક જ નહિ, અનિવાર્ય પણ છે. પુણ્યમાં સુખ ન જ માને તે જ જીવ સંસારથી થાકેલો અને ત્રાસેલો છે અને તે જ સાચો આત્માર્થી બની શકે છે. અને સાચો આત્માર્થી હોય તે જ સાચા સુખનો અધિકારી હોય છે. સાચા આત્મિક સુખની પ્રાપ્તિ માટે પુણ્યમાં સુખ નહિ પણ દુઃખ છે તે સમજવું અત્યંત આવશ્યક છે. તેથી અહીં પુણ્યોદયજન્ય દુઃખની વિસ્તૃત ચર્ચા પુણ્યોદયની પ્રમુખતા ધરાવતા વૈમાનિક દેવોના આધારે કરવામાં આવે છે. આ ચર્ચા નીચેના મુદ્દાઓ અનુસાર છે.



૧. પુણ્યોદય અને તેથી પ્રાપ્ત સામગ્રી સુખનું સાધન નથી.
૨. પુણ્યોદય જીવના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ થઈ શકે.
૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે.
૪. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી દુઃખની વૃદ્ધિ જ થાય છે.
૫. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ : **મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વ.**

### ૧. પુણ્યોદય અને તેથી પ્રાપ્ત સામગ્રી સુખનું સાધન નથી

શાતાવેદનીય, શુભનામ, શુભગોત્ર અને શુભઆયુના પૌદ્‌ગલિકકર્મના ઉદયને પુણ્યોદય કહે છે. આ પુણ્યોદયથી ઇચ્છાઓની પૂર્તિ, વિષયોનો ભોગવટો, સાનુકૂળ સંયોગો, ઉત્તમ શરીર, ઉચ્ચ ગોત્ર, પૂર્ણ નિરોગી આયુષ્ય જેવી સામગ્રી પ્રાપ્ત થાય છે. અજ્ઞાની જીવ આ બધાંને સુખનું સાધન માને છે. પણ ખરેખર પુણ્યોદય અને તેથી પ્રાપ્ત

સામગ્રી સુખનું સાધન નથી, તેની ચર્ચા નીચેના મુદ્દા અનુસાર કરવામાં આવે છે.

૧.૧. પુણ્યોદય સુખનું સાધન નથી

૧.૨. પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રી સુખનું સાધન નથી

## ૧.૧. પુણ્યોદય સુખનું સાધન નથી

પરમાર્થે પાપ-પુણ્ય સમાન છે. તેથી પાપ-પુણ્યનું ફળ પણ સમાન છે. પાપોદયનું ફળ દુઃખ છે તેમ પુણ્યોદયનું ફળ પણ દુઃખ જ છે.

ન્યાયશાસ્ત્ર અનુસાર કોઇ પણ બે બાબતમાં જુદાપણું ત્યારે કહેવાય કે જ્યારે તેમના ૧. હેતુ, ૨. સ્વભાવ, ૩. અનુભવ કે ૪. આશ્રય એ ચાર પૈકી કોઇમાં જુદાપણું હોય. વ્યવહારથી પાપ અને પુણ્યના હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય જુદા મનાય છે. તેથી તેઓ તે રીતે જુદા છે. તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો તેમના હેતુ, સ્વભાવ, અનુભવ કે આશ્રયમાં કોઇ જુદાપણું નથી. તેથી તેઓ તે રીતે સમાન છે. ૧.૧.૧. હેતુ, ૧.૧.૨. સ્વભાવ, ૧.૧.૩. અનુભવ કે ૧.૧.૪. આશ્રયનું સમાનપણું આ રીતે છે—




હેતુ, સ્વભાવ, અનુભવ, અને આશ્રય અપેક્ષાએ પાપ અને પુણ્ય વ્યવહારથી જુદા હોવા છતાં નિશ્ચયથી સમાન છે તે દર્શાવતું ચિત્ર

### ૧.૧.૧. હેતુ

હિંસા, જૂઠું, ચોરી, વિષયાશક્તિ, દેવ-ગુરુ પ્રત્યે વિનયભાવે ન પ્રવર્તવું વગેરે જેવા અશુભભાવોથી પાપકર્મ બંધાય છે. અને પૂજા, ભક્તિ, દયા, દાન, વ્રત, તપ, દેવ-ગુરુ પ્રત્યે વિનયભાવ વગેરે જેવા શુભભાવોથી પુણ્યકર્મ બંધાય છે. આમ હેતુના ભેદથી પાપ અને પુણ્ય વ્યવહારથી જુદા છે.

પરંતુ નિશ્ચયથી જોવામાં આવે તો પાપ-પુણ્યના હેતુ એવા અશુભ-શુભભાવ સમાન છે. કેમ કે અશુભભાવ એ તીવ્ર કષાય છે તો શુભભાવ એ મંદ કષાય છે. તેથી બંને કષાયના જ ભાવો છે, જે આત્માના સ્વભાવને ચૂકીને થતા પરલક્ષી પરિણામ છે આમ હેતુ એક સમાન હોવાથી પાપ અને પુણ્ય પરમાર્થે સમાન છે.

### ૧.૧.૨. સ્વભાવ

પાપકર્મના પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પુણ્યકર્મના પ્રદેશ- પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ જુદા પ્રકારે છે. આમ પાપ અને પુણ્યના સ્વભાવ અલગ હોવાથી વ્યવહારે તેઓ અલગ છે.

પરંતુ નિશ્ચયથી જોવામાં આવે તો પાપ-પુણ્યકર્મના પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ એ એક જ પુદ્‌ગલમય પરિણામ હોવાથી એક જ સ્વભાવના છે. જેમ કોઇ શુદ્રાણીના કુખેથી ઉત્પન્ન થયેલા બે જોડીયા બાળકો પૈકી એક શુદ્રને ત્યાં જ ઉછેર પામી કુસંસ્કારી અને વ્યસની બને તથા બીજો બ્રાહ્મણને ત્યાં ઉછેર પામી સુસંસ્કારી અને નિર્વ્યસની બને. તેમ છતાં બંને એક જ માતાની કુખે ઉત્પન્ન થયેલા પુત્રો હોવાથી તેઓ એક જ કુળના છે. તેમ પાપ અને પુણ્યની પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ જુદા હોવા છતાં તેઓ એક જ પૌદ્‌ગલિક કાર્માણવર્ગણાની રચના હોવાથી બંનેનો સ્વભાવ એક જ ડાળના બે પાંદડાની જેમ સમાન છે. આમ પાપ અને પુણ્યનો સ્વભાવ એક જ હોવાથી નિશ્ચયથી તેઓ એક જ છે.

### ૧.૧.૩. અનુભવ

પાપકર્મના ફળનો અનુભવ દુઃખરૂપે વેદાય છે અને પુણ્યકર્મના ફળનો અનુભવ સુખરૂપે વેદાય છે. આમ બન્ને કર્મના અનુભવનો ભેદ હોવાથી વ્યવહારે પાપ અને પુણ્યમાં ભેદ છે.

પાપના ફળમાં રોગીષ્ટ દશા અને તેનું દુઃખ અને પુણ્યના ફળમાં નિરોગીદશા અને તેનું સુખ અનુભવાય છે. પણ વાસ્તવમાં કોઇ પણ કર્મના ફળનો અનુભવ દુઃખરૂપે જ હોય છે. કોઇ કર્મનું ફળ દુઃખ અને કોઇ કર્મનું ફળ સુખ જણાય તે

તો અજ્ઞાનના કારણે થયેલી ભ્રાંતિ છે. આ બાબતની વિસ્તૃત સમજૂતી પ્રકરણ : ૩૦માં આવશે તેથી તેની ચર્ચા અહીં કરવામાં આવતી નથી. આમ ખરેખર કોઇ પણ કર્મના અનુભવમાં ભેદ ન હોવાથી નિશ્ચયથી પાપ અને પુણ્યમાં ભેદ નથી.



## ૧.૧.૪. આશ્રય

પાપકર્મ બંધમાર્ગના આશ્રયે બંધાય છે અને પુણ્યકર્મ મોક્ષમાર્ગના આશ્રયે હોય છે. આમ આશ્રય અલગ હોવાથી પાપ અને પુણ્યને વ્યવહારથી અલગ માનવામાં આવે છે.

પરંતુ નિશ્ચયથી જોવામાં આવે તો જે કોઇ કર્મનું બંધન થાય તે પોતે જ બંધમાર્ગ છે. મોક્ષમાર્ગ તો જીવના વીતરાગભાવ છે જે નિષ્કર્મ અવસ્થાનું કારણ છે.

તીર્થંકર નામકર્મ, સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય વગેરે જેવી ઉત્તમ પુણ્યની પ્રકૃતિ મોક્ષમાર્ગમાં આગળ વધતા જ્ઞાનીને જ બંધાય છે, અજ્ઞાનીને નહિ. તેથી એવું લાગે કે આવું ઊંચું પુણ્ય મોક્ષમાર્ગના આશ્રયે બંધાય છે પણ ખરેખર તેમ નથી. મોક્ષમાર્ગ તો કેવળ જીવનો શુદ્ધભાવ-વીતરાગભાવ છે. તે કોઇપણ કર્મના આસ્રવ-બંધનું કારણ નથી પણ સંવર-નિર્જરાનું જ કારણ છે. તેથી સાધકદશામાં પણ જીવને જે પુણ્યકર્મ બંધાય છે તે મોક્ષમાર્ગના આશ્રયે કહી શકાતા નથી. પણ સાધક દશા સાથે રહેલી બાધક દશાના બંધમાર્ગના આશ્રયે જ કર્મો બંધાય છે. આમ પાપ-પુણ્યનો આશ્રય પણ એક જ બંધમાર્ગ હોવાથી નિશ્ચયથી તેઓ એક જ છે.

ઉપરોક્ત રીતે હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય અપેક્ષાએ પરમાર્થે પાપ અને પુણ્ય સમાન હોવાથી તેમનું ફળ પણ સમાન છે. તેથી પાપોદયની જેમ પુણ્યોદય પણ જીવના સુખનું સાધન નથી.

સુખ એ આત્માનો સ્વભાવ છે અને જે સ્વભાવ હોય તે પરમ નિરપેક્ષ હોય છે. તેથી આત્માના સુખ સ્વભાવને પ્રગટ કરવા કોઇ પુણ્યોદયની અપેક્ષા હોય શકે નહિ. જો પુણ્યોદયના કારણે પોતાનું સુખ હોય તો જેને ઝાઝું પુણ્ય હોય તેને સુખ પણ ઝાઝું હોવું જોઇએ. પણ તેવું તો જણાતું નથી. તીર્થંકર કેવળીને ઉત્કૃષ્ટ પુણ્ય હોય છે અને કોઇ સામાન્ય કેવળીને તેવું પુણ્ય હોતું નથી. તોપણ તેમના સુખમાં કોઇ ફેર નથી. તીર્થંકરમાં પણ બધાં તીર્થંકરોનું પુણ્ય એકસરખું હોતું નથી. તીર્થંકર મહાવીર કરતાં તીર્થંકર ઋષભદેવનું પુણ્ય ઘણું ચઢિયાતું હતું. મહાવીર ભગવાનનું સમવસરણ એક યોજન વ્યાસનું હતું અને ઋષભદેવ ભગવાનનું સમવસરણ બાર યોજન વ્યાસનું હતું. તોપણ તેમના સુખમાં કોઇ ફેર નહોતો. અરે ! સિદ્ધ ભગવાનને તો નિષ્કર્મ અવસ્થા છે અને તેથી તેમને કોઇ પુણ્ય જ હોતું નથી તોપણ તેઓ સંપૂર્ણ સુખી છે. તેથી આત્માના સુખનું સાધન પુણ્યોદય નથી. ખરેખર તો પાપોદયની જેમ પુણ્યોદય પણ આત્માના દુઃખનું જ કારણ હોય છે.

જે જીવ પાપોદયની જેમ પુણ્યોદયને પણ સુખનું સાધન માનતો નથી, તે જ જીવ આત્મિક સુખનો અર્થી બની મોક્ષમાર્ગમાં પ્રવેશ પામી શકે છે. પણ જે પાપ અને પુણ્યમાં ભેદ માની પુણ્યને સુખનું સાધન સમજે છે તેના સંસાર પરિભ્રમણનો અંત ક્યારેય આવતો નથી. આ બાબતને આચાર્યશ્રી કુંદકુંદ આ પ્રમાણે કહે છે—

(કુંડલિયા)

નહિ માનતો — એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે.

**ભાવાર્થ : એ રીતે જે જીવ સુખ અને દુઃખ સંબંધી પુણ્ય અને પાપમાં તફાવત નથી એમ નથી માનતો તે જીવ મોહાચ્છાદિત વર્તતો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમણ કરે છે.** (પ્રવચનસાર : ગાથા ૭૭)

## ૧.૨. પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રી સુખનું સાધન નથી

પુણ્યોદય સુખનું સાધન નથી તે બાબત સમજ્યા. તેમ પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રી પણ સુખનું સાધન નથી. પુણ્યના ઉદયથી ઉત્તમ શરીર જેવી સાનુકૂળ સામગ્રીની પ્રાપ્તિ હોય છે પણ આ બધી સામગ્રી પૌદ્ગલિક અને અચેતન છે. તે આત્માથી તદ્દન ભિન્ન છે. તેથી તે આત્માના સુખનું સાધન હોય શકે નહિ.

સુખ એ આત્માનો સ્વભાવ છે. આત્મા સ્વયમેવ સુખ સ્વરૂપી છે. પોતાનું સુખ પોતાના આત્મામાં જ છે તેથી સ્વાશ્રયે સુખ અને પરાશ્રયે દુઃખ હોય છે. પોતાના સ્વભાવની ઓળખાણ અને આશ્રય વડે સ્વભાવમાં સ્થિત

રહેવું, સ્વભાવરૂપ થવું-પરિણમવું તે સુખ છે. અને સ્વભાવને ચૂકીને બહારનાં સંયોગોમાં ઇષ્ટ-અનિષ્ટ કલ્પના વડે રાગ-દ્વેષથી ઉપયોગને ઘૂમાવવો તે દુઃખ છે.

કલ્પવાસી દેવોને પુણ્યોદયથી પ્રાપ્ત ઉત્તમ શરીર હોય છે. દેવોનું આ દિવ્ય શરીર કોઇ પણ ધાતુથી રહિત હોય તેવું પવિત્ર છે. તે એકદમ સ્વસ્થ અને નિરોગી હોય છે. સાગરોપમના આયુષ્ય છતાં તેમાં કોઇ શિથિલતા કે વૃદ્ધાવસ્થા હોતી નથી. વિક્રિયા વડે તેને તે અનેક પ્રકારનું બનાવી અનેક ભોગોને ભોગવી શકે છે. તોપણ તે સુખનું સાધન નથી. કેમ કે, પુણ્યોદયજન્ય સામગ્રી કે શરીર એ સંયોગી પદાર્થ છે. તેથી તેનો વિયોગ પણ હોય છે. જેનો સંયોગ કે વિયોગ હોય તે શાશ્વત કહેવાતું નથી. જે શાશ્વત ન હોય તે ક્ષણિક છે અને જે ક્ષણિક હોય તેના આશ્રયે સ્વાભાવિક અવસ્થા કે સ્વાભાવિક સુખ હોતું નથી.



વળી આ શરીરાદિ સામગ્રીમાં સુખ હોતું જ નથી. આ સામગ્રી પૌદ્ગલિક છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. તેથી આત્માની સુખ પરિણતિને તેની સાથે બિલકુલ કારણ-કાર્યપણું નથી. કેમ કે, નિશ્ચયથી કારણ-કાર્યપણું એક જ દ્રવ્યમાં હોય છે પણ અન્ય અન્ય દ્રવ્યમાં હોતું નથી.

વળી શરીરાદિ સામગ્રીમાં કોઇ સુખ કે દુઃખ હોતું નથી. તેથી જે આત્મા ઇન્દ્રિય સુખરૂપે પરિણમે છે તેમાં પણ શરીરાદિ સામગ્રી સાધનભૂત નથી. અશુદ્ધ સ્વભાવે પરિણમતો આત્મા જ સ્વયમેવ ઇન્દ્રિય સુખરૂપે પરિણમે છે. તેમાં શરીરાદિ સામગ્રીનું કોઇ કારણ નથી. એટલે કે શરીર આત્માના સુખ-દુઃખને કરતું નથી. દેવનું ઉત્કૃષ્ટ પવિત્ર શરીર તેના સુખનું કારણ નથી કે નારકીનું નિકૃષ્ટ અપવિત્ર શરીર તેના દુઃખનું કારણ નથી. પણ શરીરાદિ સામગ્રીમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી તેના વશે આત્મા પોતે જ સુખ-દુઃખની કલ્પનારૂપે પરિણમે છે અને શરીર સુખ-દુઃખરૂપે પરિણમતું નથી. તેથી અહીં એ સિદ્ધાંત થયો કે પુણ્યોદયજનિત દેવનું દિવ્ય શરીર પણ તેનાં સુખનું સાધન નથી. આ બાબત આચાર્યશ્રી કુંદકુંદના શબ્દોમાં—

(હરિગીત)

**ઇન્દ્રિયસમાશ્રિત ઇષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી**
**જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી.**

**એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહિ સુખ દેહીને, પણ**
**વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુઃખ થાય છે.**

**ભાવાર્થ : શરીરની સ્પર્શનાદિક ઇન્દ્રિયો જેમનો આશ્રય કરે છે એવા ઇષ્ટ વિષયોને વશે પોતાના અશુદ્ધ સ્વભાવે પરિણમતો પોતાનો આત્મા સ્વયમેવ ઇન્દ્રિય સુખરૂપે પરિણમે છે પણ તે સુખરૂપે શરીર પરિણમતું નથી.**

**તેથી એ નિયમ થયો કે સ્વર્ગમાં પણ દેહ દેહીને (આત્માને) સુખ કરતો નથી. પણ વિષયોના વશે સ્વયં આત્મા પોતે જ સુખ કે દુઃખરૂપ થાય છે** (પ્રવચનસાર : ગાથા ૬૫,૬૬)

### ૨. પુણ્યોદય જીવના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ થઇ શકે

પુણ્ય અને તેના ફળથી પ્રાપ્ત સામગ્રી અચેતન અને જડ હોવાથી પુણ્યોદય જીવના સુખનું કારણ થઇ શકે નહિ તે બાબત સમજ્યા પછી આ પુણ્યોદય જીવના દુઃખનું કારણ અવશ્ય થઇ શકે છે તેની સમજૂતી નીચેના મુદ્દા અનુસાર આપવામાં આવે છે.

- ૨.૧. દુઃખના કારણે પુણ્ય હોવાથી તેનો ઉદય પણ દુઃખનું જ કારણ હોય શકે.
- ૨.૨. કોઈપણ કર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ થઈ શકે.
- ૨.૩. કર્મસાપેક્ષ જીવના પરિણામ દુઃખના જ હોય.

#### ૨.૧. દુઃખના કારણે પુણ્ય હોવાથી તેનો ઉદય પણ દુઃખનું જ કારણ હોય શકે

'દુઃખપૂર્ણ પરિણામ કે કૃતિનું ફળ દુઃખ અને સુખપૂર્ણ પરિણામ કે કૃતિનું ફળ સુખ' એ એક સમ્યક્ સિદ્ધાંત છે. જીવના શુભરાગના કારણે પુણ્યકર્મનું બંધન હોય છે. જીવનો કોઇ પણ રાગ જીવના સ્વભાવનો ઘાત કરનારો અને આકુળતા ઉપજાવનારો હોવાથી જીવને દુઃખદાયી છે. તેથી અશુભરાગની જેમ શુભરાગ પણ જીવને દુઃખદાયી છે. વળી જેનાથી કર્મનું બંધન હોય તે દુઃખરૂપ જ હોય. શુભરાગથી કર્મનું બંધન પણ છે. તેથી પુણ્ય એ જીવના દુઃખપૂર્ણ પરિણામ કે કૃતિની નીપજ છે. તેથી તે પુણ્યનું ફળ પણ દુઃખપૂર્ણ જ હોય શકે.

#### ૨.૨. કોઇ પણ કર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ થઇ શકે

'સર્વ સ્વવશ તે સુખ અને સર્વ પરવશ તે દુઃખ' તેવું સુખ-દુઃખનું સ્વરૂપ છે. કર્મ પર હોવાથી તેના ઉદયને વશ થઇ થતા જીવના પરિણામ પરવશ થવાથી તે દુઃખરૂપ જ હોય. તેથી કોઇ પણ કર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ થઇ શકે.

સઘળાં પ્રકારના કર્મો જડ પૌદ્ગલિક છે. તેઓ આત્માના સ્વભાવથી વિલક્ષણ છે અને આત્માના વિકારી ભાવોને કારણે હોય છે. તેનો ઉદય પણ આત્માના વિકારનું જ કારણ છે. આ વિકાર પોતે જ દુઃખ છે.તેથી કોઇ પણ કર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ થઇ શકે.

કોઇ પણ કર્મના ઉદય તરફના લક્ષથી આત્માના સુખગુણનો અવશ્ય ઘાત થાય છે. આત્માના સુખગુણને ઘાતનાર કોઇ વિશેષ કર્મ નથી પણ સઘળાં કર્મો આત્માના સુખગુણને ઘાતનાર છે. તેથી આઠેય પ્રકારના કર્મો પોતાને સંબંધિત ગુણનો ઘાત કરવા ઉપરાંત સુખગુણનો પણ ઘાત કરે છે. જ્ઞાનાવરણીકર્મ જ્ઞાનગુણનું આવરણ કરે છે પણ સાથે સાથે સુખગુણને પણ આવરે છે.આ રીતે દરેક કર્મ માટે સમજવું. પુણ્યકર્મનો ઉદય બહારના સાનુકૂળ સંયોગો આપી આત્માના પ્રતિજીવી ગુણને ઘાતે છે પણ તે સાથે તે આત્માના સુખગુણને પણ ઘાતે છે. તેથી પાપકર્મની જેમ પુણ્યકર્મના ઉદય તરફનું લક્ષ કે જોડાણ એ પણ આત્માના દુઃખનું જ કારણ થઇ શકે. આ રીતે —પાપ કે પુણ્ય—કોઇ પણ કર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ થઇ શકે.



### ૨.૩. કર્મસાપેક્ષ જીવના પરિણામ દુઃખના જ હોય

સુખ એ આત્માનો સ્વભાવ છે અને પોતાનો સ્વભાવ પરનિરપેક્ષ હોય છે. તેથી પોતાના સુખરૂપ સ્વભાવની પ્રગટતા માટે અન્ય કોઇની અપેક્ષા હોય નહિ. દુઃખ એ પોતાનો વિભાવ છે અને વિભાવ હંમેશાં પરસાપેક્ષ હોય છે. તેથી તે કોઇની અપેક્ષા રાખે છે. દુઃખરૂપ વિભાવ માટે કર્મની અપેક્ષા હોય છે. તેથી કર્મસાપેક્ષ જીવના પરિણામ દુઃખના જ હોય.

સુખ એ સ્વભાવ હોવાથી સ્વાધીન છે. સ્વાધીન સ્વભાવના આશ્રયે સુખ હોય છે. દુઃખ એ વિભાવ હોવાથી પરાધીન છે. પરાધીન કર્મના આશ્રયે દુઃખ હોય છે. આ રીતે પણ કર્મસાપેક્ષ જીવના પરિણામ દુઃખના જ હોય.

સુખ એ આત્માનું શુદ્ધ સ્વભાવિક પરિણમન છે. સ્વભાવિક પરિણમનમાં નિમિત્તપણે ઉદાસીન નિમિત્ત હોય છે અને તેમાં નિમિત્ત તરફનું લક્ષ, આશ્રય કે જોડાણરૂપ કોઇ અપેક્ષા હોતી નથી. જ્યારે દુઃખ એ આત્માની અશુદ્ધ વિભાવિક દશા છે. આવી વિભાવિક દશામાં નિમિત્તપણે પ્રેરક નિમિત્ત હોય છે અને તેમાં નિમિત્ત પ્રત્યેનું લક્ષ, આશ્રય કે જોડાણરૂપ કોઇ અપેક્ષા હોય છે. દુઃખરૂપ વિભાવિક દશામાં પ્રેરક નિમિત્તરૂપ કર્મનો ઉદય હોય છે અને તેમાં તે નિમિત્ત તરફનું લક્ષ, આશ્રય કે જોડાણરૂપ અપેક્ષા જરૂર હોય છે. તેથી કર્મસાપેક્ષ હોય તેવા જીવના પરિણામ દુઃખના જ જાણવા.

ઉપરોક્ત પ્રત્યેક મુદ્દા અનુસાર પુણ્યોદય જીવના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ થઈ શકે તે બાબત સમજી શકાય તેવું છે. તેમ છતાં નીચેના પ્રશ્ન-ઉત્તર દ્વારા તેની વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે.

**પ્રશ્ન : પુણ્યોદય જીવના દુઃખનું કારણ હોય તો તીર્થંકર કેવળીને ઘણા પુણ્યનો ઉદય છે. તો તે શું તેના દુઃખનું કારણ છે ?**

ઉત્તર : પુણ્યનો ઉદય એ દુઃખનું કારણ નથી. પણ પુણ્યના ઉદય તરફનું લક્ષ કે આશ્રય અવશ્ય દુઃખનું જ કારણ હોય છે. તીર્થંકર કેવળીને મોહનો સર્વથા અભાવ છે તેથી તેમને કોઇ પરપદાર્થનો આશ્રય હોતો નથી. તેઓ પોતાના સ્વભાવમાં સ્થિત છે, સ્વરૂપમાં ડૂબેલા છે અને તેથી તેમને પુણ્યોદય પ્રત્યેનું કોઇ લક્ષ કે આશ્રય હોતો નથી અને તેથી જ તેઓ પૂર્ણ સુખી છે. સિદ્ધ ભગવાન કોઇ પણ પુણ્યના ઉદય વિના જ સહજ સુખી છે. તીર્થંકર ભગવાન પોતાના પુણ્યોદયના કારણે સુખી નથી. પણ તેમને તે પુણ્યોદય પ્રત્યેનો આશ્રય કે લક્ષ નથી તેથી જ તેઓ સુખી છે.

વાસ્તવમાં કોઇ પણ કર્મના ઉદય તરફનું લક્ષ કે આશ્રય એ જીવના દુઃખનું જ કારણ હોય છે. બધાંય કર્મો પૌદ્ગલિક અને આત્માના સ્વભાવથી વિરુદ્ધના છે. તેથી આઠેય પ્રકારના કર્મો કોઇપણ પ્રકારના અપવાદ વિના જીવના દુઃખનું જ કારણ થઇ શકે છે. કોઇ પણ કર્મનો ઉદય આત્માના સુખનું કારણ બની શકે નહિ. પુણ્યનો ઉદય પણ એક પ્રકારના કર્મનો ઉદય છે. તેથી તે પણ આત્માના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ બની શકે. વિપાકની હદે પહોંચેલા આ કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે કર્મફળ અનાકુળતાં લક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ છે તેનાથી વિલક્ષણ હોવાથી દુઃખ છે. આચાર્યશ્રી કુંદકુંદ કહે છે—

રે ! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે.

ભાવાર્થ : જિનેન્દ્ર ભગવાન એમ કહે છે કે આઠેય પ્રકારનું કર્મ છે તે આત્મસ્વભાવથી વિલક્ષણ એવા પુદ્ગલનું સ્વરૂપ છે. તેથી તે કર્મનું ફળ પ્રસિદ્ધપણે દુઃખરૂપ છે. (સમયસાર : ગાથા ૪૫)

### ૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી સઘળા પ્રકારના દુઃખોની નિવૃત્તિ થાય છે તેવી માન્યતા હોય છે. કલ્પવાસી વૈમાનિક દેવોને પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે અને તેનાથી તેનું દુઃખ ટળે છે અને સુખી થાય છે તેમ માનવામાં આવે છે. પણ ખરેખર પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે. આ બાબતની ચર્ચા નીચેના મુદ્દાઓને આધારે કરવામાં આવે છે.

૩.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એટલે શું ?

૩.૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે હોય છે?

૩.૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ કઈ રીતે ?



#### ૩.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એટલે શું ?

**પુણ્યોદય સાથે સંબંધિત અજ્ઞાની જીવની મોહયુકત સાંસારિક પ્રવૃત્તિને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે.**

સંસારી જીવને અનેક પ્રકારના દુઃખો હોય છે. આ અનેક પ્રકારના દુઃખોનું કારણ તેની અનેક ઇચ્છાઓ છે. આ અનેક પ્રકારની ઇચ્છાઓને મુખ્યત્વે ત્રણ પ્રકારમાં વહેંચી શકાય છે—

૧. પાંચ ઇન્દ્રિયોનો વિષયોને ભોગવવાની ઇચ્છા

૨. કષાયભાવો અનુસાર કાર્ય થવાની ઇચ્છા

૩. પાપના ઉદયથી પ્રાપ્ત શરીરની કે બાહ્યની અનિષ્ટ બાબતોને દૂર કરવાની ઇચ્છા.

આ ત્રણેય પ્રકારની ઇચ્છાઓને બધાં દુઃખ માને છે અને તે તો દુઃખ છે જ. હવે આ ત્રણેય પ્રકારની ઇચ્છાઓનું સાધન પુણ્યના ઉદયથી થાય છે ત્યારે પુણ્યના ઉદયને અનુસરીને થતા જીવના મોહના પરિણામને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે. તે આ પ્રમાણે—

૧. પાંચ ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાની ઇચ્છા હતી અને પુણ્યના ઉદયથી તે વિષયો પ્રાપ્ત થયા ત્યારે તે વિષયોને ભોગવવાની જે મોહયુક્ત પ્રવૃત્તિ થાય છે તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે.

૨. કષાયભાવો અનુસાર કાર્ય થવાની ઇચ્છા હતી. ક્રોધના કારણે દુશ્મનનું ખરાબ કરવાની, માનના કારણે પોતાની મહત્તા મેળવવાની, માયાના કારણે બીજાને છેતરવાની, લોભના કારણે પરિગ્રહનો સંચય કરવાની, હાસ્યના કારણે પ્રફુલ્લિત થવાની, રતિના કારણે ઇષ્ટનો સંયોગ કરવાની, અરતિના કારણે અનિષ્ટનો વિયોગ કરવાની, શોકના કારણે શોકના કારણો દૂર કરવાની, ભયના કારણે ભયના કારણો દૂર કરવાની, જુગુપ્સાના કારણે ઘૃણાજનક બાબત દૂર કરવાની, સ્ત્રીવેદના કારણે પુરુષ સાથે રમવાની, પુરુષ વેદના કારણે સ્ત્રી સાથે રમવાની, નપુંસક વેદના કારણે સ્ત્રી-પુરુષ બંને સાથે રમવાની ઇચ્છા હોય છે. પુણ્યના ઉદયના કારણે આ કષાયોની ઇચ્છા અનુસારનું કાર્ય થાય છે ત્યારે જીવ મોહજન્ય સુખ અનુભવે છે. તે પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે.

૩. પાપના ઉદયથી પ્રાપ્ત શરીરની કે બાહ્યની અનિષ્ટ સામગ્રીથી પોતાને દુઃખી માનતો હતો. હવે પુણ્યનો ઉદય આવતા પાપનો ઉદય દૂર થાય છે. તેથી અનિષ્ટ બાબતોનો વિયોગ થઇ ઇષ્ટ બાબતોનો સંયોગ થાય છે. આ સમયે જીવ મોહથી પોતાને સુખી માને છે. તે પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે.

ટૂંકમાં ઇન્દ્રિયોના વિષયોના ભોગવટામાં, કષાયભાવો અનુસાર કાર્યો થવામાં કે પાપના ઉદયને દૂર થવામાં જીવ જે મોહજનિત સુખ અનુભવે છે તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે.

#### ૩.૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે હોય છે ?

**અજ્ઞાની જીવની અનેક પ્રકારની ઇચ્છાઓ અને તેથી થતી પીડાના નિવારણ માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે.**

અજ્ઞાની દેવોને મોહ સાથે સંબંધિત પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે તે એમ બતાવે છે કે તેઓ દુઃખી છે. અને પોતાનું દુઃખ ટાળવા માટે મોહપૂર્વક પુણ્યના ઉદય અનુસાર પ્રવૃત્ત થઇ રહ્યા છે. જેમ કોઇ દવા પીતો દર્દી તેને દર્દ છે એમ બતાવે છે તેમ પુણ્યના ઉદય અનુસાર પ્રવૃત્ત થતો આ દેવ દુઃખી છે તેમ જ બતાવે છે.

વિષય સેવનની ઇચ્છા ધરાવનારાના હૃદયમાં સદા તીવ્ર દાહ ઉત્પન્ન થયા કરતાં હોય છે અને તેની પીડા સહન ન થાય


ત્યારે જ તેઓ પુણ્યોદયથી પ્રાપ્ત વિષયોમાં ઝંપલાવે છે. દુર્નિવાર ઇન્દ્રિયવિષયની વેદનાને વશીભૂત થયા થકા આ દેવો પણ ક્ષણિક વિષયો તરફ ધસતા જોવામાં આવે છે તે જ બતાવે છે કે તેઓ દુઃખી છે. જો તેમને દુઃખ ન હોય તો તેમને પુણ્યના ઉદય અનુસારની પ્રવૃત્તિ ન હોવી જોઇએ.

પરંતુ આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી તેમનું દુઃખ મટતું નથી. કેમ કે, આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે.

## ૩.૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ કઈ રીતે ?

અજ્ઞાની જીવ પોતાનું દુઃખ ટાળવા માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે. તેથી દુઃખી હોય તે જ આવી પ્રવૃત્તિ કરે છે પરંતુ આ પ્રવૃત્તિથી તેનું દુઃખ બિલકુલ ટળતું નથી. કેમ કે, આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે. તેનું કારણ આ પ્રમાણે છે—

- ૩.૩.૧.પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાની પૂર્તિ શક્ય નથી.
- ૩.૩.૨.પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરલક્ષી છે.
- ૩.૩.૩.પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મોહયુક્ત છે.
- ૩.૩.૪.પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મિથ્યાત્વ સહિતની છે.



### ૩.૩.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાની પૂર્તિ શક્ય નથી

**અજ્ઞાની જીવને અનેક પ્રકારની ઇચ્છાઓ હોય છે. આ ઇચ્છાની પૂર્તિ માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે. પણ તેથી કોઈ ઇચ્છાની પૂર્તિ થતી નથી.**

પરાશ્રયે ઇચ્છા હોય છે જે સ્વાશ્રયે ટળી જાય છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરાશ્રયવાળી હોવાથી તે પોતે જ ઇચ્છા ઉત્પન્ન થવાનું કારણ છે. તેથી જેનાથી ઇચ્છા ઉત્પન્ન થતી હોય તેનાથી તેની પૂર્તિ થઇ શકે નહિ.

પોતે પોતાના ત્રિકાળી સહજ સ્વભાવપણે પરિપૂર્ણ અને સ્વતંત્ર હોવા છતાં તેને અપૂર્ણ માની તે અપૂર્ણતા પૂરી કરવા અનેક પ્રકારની ઇચ્છાઓ ઊભી કરે છે અને ઇચ્છાઓની પૂર્તિ કરવા માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જોડાઇ પરતંત્ર થાય છે. સ્વતંત્રતાથી સંતોષ અને તૃપ્તિ તથા પરતંત્રતાથી તૃષ્ણા અને ઇચ્છા હોય છે. પરિપૂર્ણ સ્વભાવના લક્ષ અને આશ્રયથી પોતાની અવસ્થામાં પણ તેવી જ પરિપૂર્ણતા પ્રગટે છે અને તેથી પોતાને સંતોષ અને તૃપ્તિ હોય છે. પણ અજ્ઞાનીને પોતાના સ્વભાવની ઓળખાણ નથી. તેથી તેને તે સ્વભાવનું લક્ષ અને આશ્રય નથી. સ્વભાવના લક્ષ અને આશ્રય વિના સ્વાભાવિક અવસ્થા પ્રગટતી નથી. તેથી પોતાની અવસ્થામાં અપૂર્ણતા કે ખોટ જણાય છે અને તેને પૂર્ણ કરવા માટે પરવિષયો તરફ નજર દોડાવે છે. પોતાની અપૂર્ણતા પૂરી કરવા માટે પરવિષયો તરફના વલણને ઇચ્છા કહે છે. પોતાની ઇચ્છાઓની પૂર્તિ માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે. પણ આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી પરાશ્રય જ ચાલુ રહે છે અને તેથી તેની ઇચ્છા ક્યારેય ટળતી નથી. વળી તેને પરવિષયોમાંથી જે સુખ જોઇએ છે તે તેમાં છે જ નહિ અને હોય તોપણ તે પોતાને મળી શકે નહિ. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાની પૂર્તિ થતી જ નથી. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શબ્દોમાં—

> *"કોઇ પોતે ચક્રવર્તીરાજા હોવા છતાં પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં બહાર ભીખ માંગે તેમ તું પોતે ત્રણ લોકનો નાથ હોવા છતાં તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં પરપદાર્થ મને કોઇક સુખ દેજો એમ ભીખ માંગ્યા કરે છે ! મને ધનમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો એમ તું ભીખ માંગ્યા કરે છે ! પણ બહારથી કંઇ મળતું નથી.*
>
> *જેમ સ્વપ્નાની સુખડીથી ભૂખ ભાંગતી નથી, ઝાંઝવાના જળથી તરસ છીપતી નથી, તેમ પરપદાર્થથી સુખી થવાતું નથી"*
>
> (બહેનશ્રીના વચનામૃત : નં. ૪૧૪ અને ૩૭૧)

### ૩.૩.૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરલક્ષી છે

**પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પુણ્યોદયના આશ્રયે થતી હોવાથી પરલક્ષી છે.**

પુણ્યોદય અને તેનાથી પ્રાપ્ત સામગ્રી પૌદ્‌ગલિક અને અચેતન હોવાથી આત્માથી પર છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરલક્ષી છે.પરલક્ષી પરિણામ હંમેશાં દુઃખરૂપ જ હોય. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરલક્ષી હોવાથી દુઃખરૂપ છે.

સુખ એ પોતાનો સ્વભાવ છે અને દુઃખ એ વિભાવ છે સ્વભાવના લક્ષ અને આશ્રયથી સ્વાભાવિક સુખની

પ્રગટતા અને પરના લક્ષ અને આશ્રયથી વિભાવિક દુઃખની પ્રગટતા હોય છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરના લક્ષ અને આશ્રયરૂપ હોવાથી દુઃખરૂપ છે.

### ૩.૩.૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મોહયુક્ત છે

**પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રીના આશ્રયે થતાં જીવના મોહયુક્ત પરિણામને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મોહયુક્ત છે.**

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ મોહપૂર્વકની હોય છે. મોહના કારણે પુણ્યોદયથી પ્રાપ્ત પરવિષયોમાં એકત્વ, મમત્વ, સ્વામીત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, જેવા મોહયુક્ત પરભાવ હોય છે. આ પરભાવથી પોતાના સ્વભાવની પ્રગટતા થતી નથી અને તે સ્વભાવનો ઘાત થાય છે. સુખ એ આત્માનો સ્વભાવ છે. આ સ્વભાવનો ઘાત તે દુઃખ છે.

આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મોહયુક્ત હોવાથી દુઃખરૂપ છે.



### ૩.૩.૪. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મિથ્યાત્વ સહિતની છે

**પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એ મિથ્યાત્વનું સ્વરૂપ છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મિથ્યાત્વ કે અજ્ઞાન સહિતની હોય છે.**

પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રીમાં સુખબુદ્ધિ માનનાર અજ્ઞાની જીવના પુણ્યોદયલક્ષી પરિણામને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ અજ્ઞાની જીવને હોય છે.

સુખ એ આત્માનો સ્વભાવ છે અને દુઃખ એ તેનો વિભાવ છે. સુખનું મૂળકારણ સમ્યક્ત્વ અને દુઃખનું મૂળ કારણ મિથ્યાત્વ છે.અજ્ઞાની જીવને પરપદાર્થમાં સુખબુદ્ધિરૂપ મિથ્યાત્વ હોય છે. પુણ્યોદય અને તેથી પ્રાપ્ત સામગ્રી પૌદ્ગલિક હોવાથી પરપદાર્થ છે. અજ્ઞાની જીવને પુણ્યોદયથી પ્રાપ્ત પરપદાર્થમાં સુખબુદ્ધિ છે અને તેથી તેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે. આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ મિથ્યાત્વ સહિતની છે અને મિથ્યાત્વ પોતે જ દુઃખરૂપ છે.

ઉપરોક્ત પ્રકારે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાની પૂર્તિ સંભવતી નથી. વળી તે પરલક્ષી, મોહયુક્ત અને મિથ્યાત્વ સહિતની છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ છે તે સમજી શકાય છે. કલ્પવાસી દેવો પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિને કારણે દુઃખી છે. તેમ જણાવતા આચાર્યશ્રી અમિતગતિ કહે છે—

(દોહરા)

यत्सुखं सुरराजानां, जायते विषयोदभवम् ।
ददानं दाहिकां तृष्णां, दुखं तदवबुध्यताम् ।।

**ભાવાર્થ :** (દેવગતિના દેવેન્દ્રો સુખી માનવામાં આવે છે તો તેને દુઃખ કઈ રીતે છે ? તે પ્રશ્નના સમાધાનરૂપે આચાર્ય કહે છે—) **દેવેન્દ્રોને પુણ્યોદયજન્ય પરવિષયોથી જે સુખ થાય છે તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ તૃષ્ણારૂપી દાહ ઉત્પન્ન કરનારી છે તો તેને સુખ આપનાર કેમ કહેવાય ? વાસ્તવમાં તેને દુઃખ જ સમજવું જોઈએ.**
(યોગસાર-પ્રાભૃત : અધિકાર ૩ : ગાથા ૩૪, પાનું ૧૧૬)

## ૪. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી દુઃખની વૃદ્ધિ જ થાય છે

પુણ્યોદયજન્ય સામગ્રીના લક્ષે અને આશ્રયે થતા પરલક્ષી પરિણામ તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે. પુણ્યોદય અનુસારની પરલક્ષી પ્રવૃત્તિ આત્માના ચૈતન્યસ્વભાવનો ઘાત કરનારી, અવગુણ પ્રગટાવનારી અને આકૂળતાને ઉપજાવનારી છે. આ ઉપરાંત તે મોહ અને મિથ્યાત્વ સહિતની છે. તેથી તે દુઃખરૂપ છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે તો દુઃખરૂપ છે પણ તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ છે. તે આ રીતે—

૪.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે.

૪.૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં થતું ભ્રાંતિજન્ય સુખ પણ દુઃખની વૃદ્ધિનું કારણ બને છે.

૪.૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ઇચ્છાની વૃદ્ધિનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે.

### ૪.૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાની પૂર્તિ થતી નથી વળી તે મોહ-મિથ્યાત્વયુક્ત પરલક્ષી પરિણામ છે. તેથી તે

દુઃખરૂપ છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ હોવાથી આ પ્રવૃત્તિમાં વધુ પ્રવૃત્ત થવાય તેમ દુઃખ પણ વધુ થાય છે.

સ્વભાવના સ્વાશ્રયે સંતોષ અને સુખ હોય છે અને પુણ્યોદયના પરાશ્રયે તૃષ્ણા અને દુઃખ હોય છે. સ્વભાવમાં વધુ ને વધુ લીનતાથી આત્માના સંતોષ અને સુખ વધુ ને વધુ થાય છે. તેથી ઊલટું પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં વધુ ને વધુ જોડાવાથી પોતાને તૃષ્ણા અને દુઃખ વધુ ને વધુ થાય તે બાબત દેખીતી છે.

## ૪.૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં થતું ભ્રાંતિજન્ય સુખ પણ દુઃખની વૃદ્ધિનું કારણ બને છે

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં સુખ નથી પણ દુઃખ છે અને ભ્રાંતિથી જીવ તેમાં સુખ માને છે. સાચા સુખમાં સંતોષ અને તૃપ્તિ હોય છે તે ભ્રાંતિજન્ય સુખમાં હોતી નથી. જેમ આકાશના પુષ્પથી કોઇ સુગંધી હોતી નથી તેમ ભ્રાંતિજન્ય સુખથી કોઇ સંતોષ કે તૃપ્તિ હોતી નથી. તૃપ્તિ થતી ન હોવા છતાં સુખ ભાસે છે તેથી તેમાં વધુ ને વધુ જોડાવાનું બને છે. આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જીવ વધુ ને વધુ જોડાઇ છે તેમ દુઃખ પણ વધુ ને વધુ વૃદ્ધિ પામે છે.

જેમ જળોને દૂષિત લોહી પીવામાં સુખ ભાસે છે પણ તૃપ્તિ થતી નથી તેથી તે વધુ ને વધુ લોહી પી દુઃખી થાય છે અને મરણ સુધીનું દુઃખ પામે છે. તેમ વિષયાસક્ત જીવ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં સુખ માને પણ તેમાં તેને તૃપ્તિ થતી નથી. તેથી તે તેમાં વધુ ને વધુ પ્રવૃત્ત થઇ વધુ ને વધુ દુઃખ પામે છે અને મરણ સુધી દુઃખી થતો રહે છે.

## ૪.૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ઈચ્છાની વૃદ્ધિનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે

અજ્ઞાની જીવને અનેક પ્રકારની ઇચ્છાઓ હોય છે. આ ઇચ્છાઓની પૂર્તિ કરવા માટે તે પુણ્યના ઉદય અનુસારની પ્રવૃત્તિમાં જોડાઇ છે. તેનાથી શરૂઆતમાં તો તેને ભ્રાંતિથી ઇચ્છાની પૂર્તિ થતી જણાય છે તેથી રાહત લાગે છે અને સુખાભાસ પામે છે. પણ આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ઇચ્છાની ઉત્પત્તિનું જ કારણ હોવાથી તેનાથી ઇચ્છાની પૂર્તિ ક્યારેય થતી નથી અને ઊલટાની તેની વૃદ્ધિ જ થતી જાય છે.

જેમ સમુદ્રનું ખારૂં પાણી પીતાં સમયે તૃષા છીપતી ભાસે છે પણ ખરેખર તૃષા વધતી હોય છે, ખુજલી ખંજવાળતા સમયે બળતરા ઓછી થતી ભાસે છે પણ ખરેખર બળતરા વધતી જાય છે, તેમ પુણ્યના ઉદય અનુસારની પ્રવૃત્તિ સમયે ઇચ્છાની પૂર્તિ થતી ભાસે છે પણ ખરેખર ઇચ્છા વધતી જાય છે. પુણ્યના ઉદય અનુસારની પ્રવૃત્તિથી ઇચ્છાનુસારનું સાધન થતાં ઇચ્છા ટળવાને બદલે વધે છે તે બાબતની વિશેષ ચર્ચા પ્રકરણ : ૨૯માં કરવામાં આવશે તેથી અહીં કરવામાં આવતી નથી.

ઉપર મુજબ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી તૃષ્ણાની સમાપ્તિ થવાને બદલે તેની વૃદ્ધિ થતી હોવાથી તે દુઃખની વૃદ્ધિનું જ કારણ બને છે.

**પ્રશ્ન : જ્ઞાનીને પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ જોવામાં આવે છે તો તે પણ તેના દુઃખની વૃદ્ધિનું જ કારણ બને છે ?**

**ઉત્તર** : વાસ્તવમાં પુણ્યોદય સાથે સંબંધિત અજ્ઞાની જીવની મોહયુક્ત ભોગોપભોગની સાંસારિક પ્રવૃત્તિને જ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે. તોપણ જ્ઞાનીને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે તે અસ્થિરતાજન્ય દોષ છે. વળી જ્ઞાની પાસે **જ્ઞાન** અને **વૈરાગ્ય**ની શક્તિ છે તેના કારણે તેની આ પ્રવૃત્તિ તેના દુઃખની વૃદ્ધિનું કારણ બનતી નથી.

**જ્ઞાન** શક્તિના કારણે જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન છે. તેણે આત્માના અતીન્દ્રિય સુખની ઓળખાણ અને અનુભવ મેળવેલ છે. તેથી તેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં સુખબુદ્ધિ નથી. તેમ છતાં પોતે પોતાના પુરુષાર્થની નબળાઇ અને અસ્થિરતાના દોષના કારણે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જોડાઇ છે ત્યારે તેમને તૃષ્ણાની વૃદ્ધિ થતી નથી અને તેથી દુઃખની પણ વૃદ્ધિ થતી નથી. જેમ કોઇ વૈદ્ય પોતાના વિદ્યાના સામર્થ્યથી વિષ ખાવા છતાં મરણ પામતો નથી તેમ જ્ઞાની પોતાના જ્ઞાનના સામર્થ્યના કારણે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જોડાઇ છે તોપણ તેના



અજ્ઞાની પુણ્યોદયજન્ય સામગ્રીમાં સુખ માને છે પણ જ્ઞાની તેને જ દુઃખ માને છે તે દર્શાવતું ચિત્ર

કારણે તેની તૃષ્ણા અને તેથી થતું દુઃખ વૃદ્ધિ પામતું નથી.

**વૈરાગ્ય** શક્તિના કારણે જ્ઞાનીને પુણ્ય પ્રત્યે તીવ્ર હેયબુદ્ધિ પ્રવર્તે છે. તેથી તેની પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ તૃષ્ણાનું કારણ બનતી નથી. જેમ કોઈને દારૂ પ્રત્યે નફરત હોય તેવા માણસને દારૂ પીવડાવવામાં આવે તોપણ તે દારૂ તેને નશો કરાવતો નથી તેમ જ્ઞાનીને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પ્રત્યે તીવ્ર વૈરાગ્યભાવ પ્રવર્તતો હોવાથી તેને તે પ્રવૃત્તિ તૃષ્ણા પમાડતી નથી.


જ્ઞાનીને આ પ્રકારની જ્ઞાન-વૈરાગ્યની શક્તિ હોવાથી તેની પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ તેની તૃષ્ણા અને તેથી થતા દુઃખની વૃદ્ધિનું કારણ બનતી નથી. આ ઉપરાંત જ્ઞાનીને આત્મિક અતીન્દ્રિય સાચા સુખની પ્રાપ્તિ હોય છે. તેના કારણે તેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી થતાં ભ્રાંતિજન્ય સુખમાં જરાય સુખ ભાસતું નથી. તેથી પણ તેની આ પ્રવૃત્તિ તૃષ્ણાની વૃદ્ધિ અને તેથી થતાં દુઃખનું કારણ બનતી નથી.

ઉપરોક્ત સમજૂતી અનુસાર પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખનું કારણ છે. તેથી થતું સુખ ભ્રાંતિજન્ય છે અને તેથી ઇચ્છાની વૃદ્ધિ થતી હોવાથી આ પ્રવૃત્તિથી દુઃખની વૃદ્ધિ જ થાય છે. અજ્ઞાની જીવ પુણ્યના ઉદય અનુસારની પ્રવૃત્તિથી ઉત્પન્ન થતા તૃષ્ણાના ચક્રમાં ફસાઇ જાય છે અને તેથી તેના દુઃખની જ વૃદ્ધિ થાય છે તેવો આશય ધરાવતી લોકમાં પ્રસિદ્ધ 'નવાણુંનું ચક્ર' નામની વાર્તા આ નીચે આપવામાં આવે છે.

### નવાણુંનું ચક્ર

એક રાજા હતો. મોટું વિશાળ રાજ્ય અને ધન-સંપત્તિનો પાર નહિ. આમ છતાં વધુ પ્રાપ્ત કરવાની તૃષ્ણાથી રાજાનું મન હંમેશાં ખેદખિન્ન રહે. સુખ અને શાંતિનો અનુભવ થાય નહીં. રાજાની સેવા કરનારો એક નાનકડો નોકર હતો. ટૂંકો પગાર અને નાનું એવું મકાન હોવા છતાં તેનાં ચહેરા પર સુખ અને શાંતિની ઝલક જોવા મળે. રાજાએ એક મહાત્માને મળીને આ વાત કરી. રોજે રોજનું રળી ખાનારો પોતાનો જ નોકર સુખ ચેનથી જીવે છે અને નિરાંતની ઊંઘ લ્યે છે. અને પોતાની પાસે બધું હોવા છતાં આટલી બેચેની કેમ ? નિરાંતની ઊંઘ કેમ નહીં ?

મહાત્માએ રાજાને એક પ્રયોગ કરવાનું કહ્યું : પેલા નોકરના ઘરમાં નવાણું રૂપિયાની એક કોથળી મૂકાવી દે. થોડા દિવસમાં જ તને તારા પ્રશ્નનો ઉત્તર મળી જશે. રાજાએ એમ કર્યું અને પેલો નોકર ચિંતિત, ઉદાસ અને બેચેન રહેવા લાગ્યો. નવાણુંમાંથી સો પૂરા કરવાનો તેને અભરખો જાગ્યો. સોમાંથી સવાસો, બસો, પાંચસો, હજાર એમ એનું ચક્ર ચાલું થઇ ગયું. જો કે રાજા કરતાં એનું ચક્ર નાનું હતું. પણ ચક્ર નાનું હોય કે મોટું હોય મન ઉપર એની અસર સરખી જ થાય છે અને તે નોકર રાજાની જેમ જ બેચેન થઇ ગયો. તેની નિરાંતની ઊંઘ છીનવાઇ ગઇ.




**કથાનો સાર :** ઉપરની 'નવાણુંનું ચક્ર' નામની વાર્તા મુજબ આપણી દશા પણ હોય છે .અને તેથી અલ્પ પુણ્યનો ઉદય અને તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ આવું ચક્ર ચાલુ કરાવે છે. ફ્લેટ મળે તો ટેનામેન્ટમાં જવાની ઇચ્છા થાય અને ટેનામેન્ટમાંથી સ્વતંત્ર બંગલાની ઇચ્છા જાગે. સાયકલમાંથી સ્કૂટર, સ્કૂટરમાંથી મોટર અને મોટરમાં પણ નવા નવા મોડેલની ઇચ્છા ચાલુ જ રહ્યા કરે. સ્ત્રીઓ પાસે પચીસ-પચાસ સાડીઓ હોય પણ સંતોષ ન હોય. નવા નવા ઘરેણાં, નવું નવું ફર્નીચર, નવા નવા ફેરફાર અને છતાં સુખ તો છેટું ને છેટું જ. એક ગરીબની આ રીતે વધતી તૃષ્ણા ક્યાં સુધી પહોંચે છે તે જણાવતા શ્રીમદ્ રાજચંદ્ર કહે છે—

(મનહર છંદ)

*હતી દીનતાઈ ત્યારે તાકી પટલાઈ અને,*
*મળી પટલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;*
*સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,*
*આવી મંત્રીતાઈ ત્યારે તાકી નૃપતાઈને;*
*મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને,*
*દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને;*
*અહો ! રાજચંદ્ર માનો માનો શંકરાઈ મળી,*
*વધે તૃષ્ણાઈ તોય જાય ન મરાઈને.*

ભાવાર્થ : ગરીબ હતો ત્યારે ખેડૂત જેવું સાધારણ કામ અને આવકરૂપ પટલાઈ ઇચ્છી, પુણ્યોદય પ્રતાપે પટલાઈ મળી ત્યારે શેઠાઈ અને એ રીતે ક્રમશઃ મંત્રીતાઈ, નૃપતાઈ અને દેવતાઈ ઇચ્છ્યા અને મેળવ્યા. સ્વર્ગની દેવતાઈ દેખાઈ ત્યાં જ સ્વર્ગના આધિપત્યરૂપ ઇન્દ્રપદ એટલે કે શંકરાઇ ઇચ્છી. અહો ! રાજચંદ્ર પોતાને સંબોધીને આપણને કહે છે કે ધારો કે શંકરાઇ મળે તોય તૃષ્ણાઈનો અંત આવતો નથી. તેથી અજ્ઞાનીની પુણ્યોદયજન્ય પ્રવૃત્તિથી થતું તૃષ્ણાનું સાધન જ તેની તૃષ્ણાની વૃદ્ધિનું કારણ બને છે. (મોક્ષમાળા : શિક્ષાપાઠ નં. ૪૯ : તૃષ્ણાની વિચિત્રતા)

## ૫. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ : મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વ

(આર્યા)

घादिंव वेयणीणं मोहस्स बलेण घाददे जीवं ।
इदि घादीणं मज्झे मोहस्सादिम्हि पठिदं तु ।।
णाणस्स दंसणस्स य आवरणं वेयणीयमोहणियं ।
आउगणामं गोदंतरयामिदि पढिदमिदि सिद्धं ।।

**ભાવાર્થ** : પુણ્યોદય કે પાપોદયરૂપ શાતા કે અશાતા વેદનીય કર્મ પોતે અઘાતિકર્મ હોવા છતાં મોહનીય કર્મના સદ્‌ભાવ અને પ્રભાવથી ઘાતિકર્મની જેમ જીવભાવનો ઘાત કરે છે. (તેથી તે પુદ્‌ગલ વિપાકી હોવા છતાં જીવવિપાકી માનવામાં આવે છે) તેથી તેને ઘાતિકર્મોની વચ્ચે અને મોહનીયકર્મની અગાઉના ત્રીજા ક્રમમાં મૂકવામાં આવે છે.તે ક્રમ આ પ્રમાણે છે—

**૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. વેદનીય, ૪. મોહનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર** અને **૮. અંતરાય.** આ પ્રકારે કર્મનો શાસ્ત્રીય ક્રમ સિદ્ધ થયેલો છે.

(ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૯,૨૦)

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં ખરેખર દુઃખ હોવા છતાં જે સુખની ભ્રાંતિ થાય છે, તેનું કારણ છે— અઘાતિકર્મના વેદનીયકર્મ સાથે સંકળાયેલી ઘાતિકર્મનો મોહજન્યભાવ હોય છે તે બાબત ઉપરની ગાથાઓ દર્શાવે છે.

જીવના "*અનુજીવી* ગુણોનો ઘાત કરનારા પૌદ્‌ગલિકકર્મોને ઘાતિકર્મો કહે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મો છે. ઘાતિકર્મોનું ફળ જીવમાં આવતું હોવાથી તેઓ જીવવિપાકી કહેવાય છે. જીવના "*પ્રતિજીવી* ગુણોનો ઘાત કરનારા પૌદ્‌ગલિકકર્મોને અઘાતિકર્મો કહે છે. નામ, આયુ, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતિકર્મો છે. અઘાતિકર્મોનું ફળ જીવમાં આવતું નથી અને તે શરીરમાં કે બાહ્ય સંયોગોમાં આવે છે. તેથી તેઓ સામાન્યપણે પુદ્‌ગલવિપાકી માનવામાં આવે છે.

હવે વેદનીયકર્મ એ અઘાતિકર્મ હોવાથી તે પુદ્‌ગલવિપાકી હોવું જોઇએ. ખરેખર તે પુદ્‌ગલવિપાકી હોવા છતાં તેની સાથે મોહનીયકર્મનો ઉદય સંકળાયેલો હોવાથી તેને પુદ્‌ગલવિપાકીને બદલે જીવવિપાકી માનવામાં આવે છે અને તેના કારણે તેને આઠ કર્મોના ક્રમમાં ઘાતિકર્મોની વચ્ચે અને મોહનીયકર્મની અગાઉ મૂકવામાં આવે છે. ગોત્રકર્મને પણ આ રીતે જીવવિપાકી માનવામાં આવે છે અને નામકર્મની કુલ ૯૩ પૈકી ૨૭ પ્રકૃતિઓને પણ જીવવિપાકી માનવામાં આવે છે.

અંતરાયકર્મ એ ઘાતિકર્મ છે અને જીવના દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય જેવી શક્તિની પ્રગટતામાં બાધા કે વિઘ્ન કરવાનું કામ કરે છે. તોપણ આ અંતરાયકર્મ સ્વતંત્રપણે પોતાનું કામ કરવા સમર્થ નથી અને વેદનીય, નામ અને ગોત્રકર્મના સદ્‌ભાવમાં જ તેના ઉદયની સાથે જ પોતાનું કામ કરી શકે છે. આ કારણે અંતરાય કર્મ ઘાતિકર્મ હોવા છતાં તેને સૌથી છેલ્લે અઘાતિ કર્મોના અંતમાં મૂકવામાં આવે છે.

અઘાતિકર્મોમાં શાતા વેદનીય, શુભ નામ, શુભ આયુ અને શુભ ગોત્ર એ પુણ્ય પ્રકૃતિઓ છે અને અશાતા વેદનીય, અશુભ નામ, અશુભ આયુ અને અશુભ ગોત્ર એ પાપ પ્રકૃતિઓ છે. અઘાતિકર્મની શાતા કે અશાતા વેદનીયની અર્થાત્ પુણ્ય કે પાપની કોઇ પ્રકૃતિ જીવના કોઇ અનુજીવી ગુણને ઘાતતી નથી. તેથી તેનું કોઇ ફળ જીવમાં હોતું નથી પણ શરીરમાં કે બાહ્ય સંયોગોમાં જ હોય છે. વેદનીય કર્મના કારણે જે અનુકૂળ કે પ્રતિકૂળ બાહ્ય સંયોગો હોય છે તેનાથી જીવના અવ્યાબાધત્વ નામના પ્રતિજીવી ગુણનો ઘાત હોય છે. અને તેથી તે ગુણની પ્રગટતા થતી નથી. પણ તેનાથી જીવના કોઇ અનુજીવી ગુણનો ઘાત હોતો નથી. તેથી તે ખરેખર પુદ્‌ગલવિપાકી પ્રકૃતિ છે પણ જીવવિપાકી નથી. તેમ છતાં તેને જીવવિપાકી માનવામાં આવે છે. તેનું કારણ તેની સાથે ઘાતિકર્મના મોહનીયકર્મનો ઉદય સંકળાયેલો હોય છે તે છે. અઘાતિકર્મના શાતાવેદનીયના પુણ્યના ઉદય સમયે મોહનીય કર્મના રતિભાવ અને અશાતા વેદનીયના પાપના ઉદય સમયે મોહનીયકર્મના અરતિભાવનો ઉદય અવશ્ય હોય છે. તેથી પુણ્યના ઉદય સમયે જીવના મોહજન્ય રતિભાવ અને પાપના ઉદય સમયે જીવના મોહજન્ય અરતિભાવ હોય છે. આ રીતે શાતા-અશાતા વેદનીયના પુણ્ય-પાપના ઉદય સાથે મોહનીયના રતિ-અરતિના ઉદયને એકબીજા સાથે ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. આ કારણે પુણ્ય કે પાપના ઉદય સમયે જે સુખ કે દુઃખ અનુભવાય છે તે ખરેખર પુણ્ય કે પાપના ઉદયના કારણે હોતું નથી પણ તે સમયે થતા મોહજન્ય રતિ કે અરતિભાવના કારણે હોય છે.

પાપના ઉદય વખતે જે દુઃખ થાય છે તે વાસ્તવમાં પાપના ઉદયના કારણે નથી. પણ તે સમયે પાપના ઉદયની સાથે જ મોહનીયકર્મનો ઉદય અરતિ કષાય તરીકેનો હોય છે અને તેના નિમિત્તે જીવના પરિણામમાં અરતિભાવ ઉત્પન્ન થાય છે. આ અરતિભાવ અણગમાની લાગણીરૂપે (Disliking Feeling) હોય છે અને તેથી તે

દુઃખરૂપ વેદાય છે. આ દુઃખ મોહજન્ય છે. જેનો મોહ વધારે તેનું દુઃખ વધારે અને જેનો મોહ ઓછો તેનું દુઃખ પણ ઓછું હોય છે. બે જીવોને પાપના ઉદયના કારણે આવેલો શરીરનો રોગ એકસરખો હોય તોપણ તેઓનું દુઃખ એકસરખું હોતું નથી. જેને મોહ વધુ હોય તેને દુઃખ વધુ લાગે છે અને મોહ ઓછો હોય તેને તે દુઃખ ઓછું લાગે છે.આ જ બાબત પુણ્યના ઉદયને પણ લાગુ પડે છે. પુણ્યના ઉદય સમયે જે સુખ ભાસે છે તે પુણ્યના ઉદયના કારણે નથી પણ તે સમયે થતા જીવના મોહજન્ય રતિભાવને કારણે છે. આ રતિભાવ ગમાની લાગણીરૂપે (Liking Feeling) હોય છે અને તે સુખરૂપે વેદાય છે. પરંતુ આ સુખ વાસ્તવિક નથી પણ મોહજન્ય છે. જુદા જુદા જીવોને પુણ્યનો ઉદય એક સરખો હોય. તોપણ તેઓનું સુખ એકસરખું હોતું નથી. જેને મોહ વધુ છે તેને સુખ વધુ ભાસે છે અને મોહ ઓછો છે તેને તે જ સુખ ઓછું ભાસે છે. તેથી પાપોદય કે પુણ્યોદય સમયે જે દુઃખ કે સુખની લાગણી થાય છે તે ખરેખર પાપ કે પુણ્યના કારણે નથી પણ પોતાના મોહજન્ય અરતિ કે રતિભાવના કારણે છે.

જીવમાં થતા અરતિ કે રતિભાવ એ કષાયનો પ્રકાર છે. કોઇ પણ કષાયનો ભાવ એ આત્માના સ્વભાવનો ઘાત કરનારો છે, અવગુણની પ્રગટતા કરાવનારો અને આકૂળતા ઉપજાવનારો છે. તેથી તે દુઃખદાયક હોય છે. પાપોદયની સમયે ઉત્પન્ન થતો અરતિભાવ દુઃખદાયક છે તેમ પુણ્યોદયની સમયે ઉત્પન્ન થતો રતિભાવ પણ દુઃખદાયક જ છે. કેમ કે, અરતિભાવની જેમ રતિભાવ પણ આત્માના સ્વભાવને ચૂકીને થયેલો આત્મસ્વભાવને ઘાતનારો પરલક્ષી ભાવ છે. તેથી અરતિ કે રતિભાવ એ આત્માના સ્વભાવનો ઘાત કરી આકુળતા ઉપજાવનારા હોવાથી તે બંને સમાનપણે દુઃખદાયક છે. તેમ છતાં જીવને રતિભાવમાં જે સુખ ભાસે છે તે તેના મિથ્યાત્વના કારણે છે. મિથ્યાદષ્ટિને પુણ્યોદયના કારણે થતો રતિભાવ દુઃખરૂપ હોવા છતાં સુખરૂપ અનુભવાય છે.

જીવનું મિથ્યાત્વ જ દુઃખમાં પણ સુખબુદ્ધિ કરાવે છે. મિથ્યાત્વનું કાર્ય અદ્વૈતમાં પણ દ્વૈત કરાવવાનું છે. તેથી સઘળો કષાય દુઃખદાયક હોવા છતાં કોઇમાં દુઃખ અને કોઇમાં સુખ એવું દ્વૈત ઉભું કરાવે છે. અરતિમાં દુઃખ અને રતિમાં સુખ મનાવે છે. અરતિ-રતિની જેમ ક્રોધ-માન, શોક-હાસ્ય જેવા કષાય યુગલમાં પણ મિથ્યાત્વના કારણે જ અઠીક-ઠીક કે દુઃખ-સુખ ભાસે છે. તેથી રતિભાવમાં સુખ માનવું એ વાસ્તવિકતા નથી પણ ભ્રાંતિ છે, અજ્ઞાન છે, મિથ્યાત્વ છે,

ખરેખર જો પુણ્યનો ઉદય સુખનું કારણ હોય તો સમ્યગ્દષ્ટિને પણ તેમાં સુખ ભાસવું જોઇએ. પણ જેણે પોતાના આત્મિક અતીન્દ્રિય આનંદનો અનુભવ કરેલ છે તેવા જ્ઞાનીને પુણ્યોદય કે તેથી પ્રાપ્ત સામગ્રીમાં જરાય સુખ અનુભવાતું નથી. તેથી જ તીર્થંકર જેવા મહાપુણ્યશાળી મહાત્માઓ પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રીને ઠોકરે મારીને પોતાના આત્માની સાધના માટે મુનિદશા અંગીકાર કરીને વન-જંગલમાં વસે છે.

આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જે સુખ જેવું ભાસે છે તે ખરેખર સુખ નથી પણ મોહજન્ય રતિભાવ છે. મોહજન્ય રતિભાવ એ જીવનો નોકષાયનો પરિણામ છે. નોકષાયમાં કષાયની અલ્પતા છે પણ કષાયનો અભાવ નથી અને કષાયનો કોઇ પણ ભાવ આત્માને દુઃખરૂપ જ હોય છે. તોપણ મિથ્યાત્વના કારણે તે દુઃખ પણ સુખરૂપ ભાસે છે.

જેને તીવ્ર મિથ્યાત્વ છે તેને પુણ્યોદય સાથે સંબંધિત તીવ્ર કષાયનો ભાવ પણ સુખરૂપ ભાસે છે. તીવ્ર મિથ્યાદષ્ટિ હોય તેવો કોઇ પરપીડનમાં મઝા માનનારો આખલા સાથેની લડાઇની રમતમાં (Bull fight game), કોઇ ચોર ચોરી કરવામાં, કોઇ કામાંધ પુરુષ અબળા સ્ત્રી ઉપર બળાત્કાર ગુજારવામાં આનંદ માને છે. પણ સજ્જન પુરુષ આવી બાબત સાંભળીને પણ દુઃખ પામે છે. વળી જેને મિથ્યાત્વ મંદ છે તેવો સજ્જન પુરુષ પુણ્યોદયથી પ્રાપ્ત ભોગોપભોગની પ્રવૃત્તિમાં સુખ માને છે પણ જેને મિથ્યાત્વ અત્યંત મંદ છે તેવો સમ્યક્ત્વ-સન્મુખ આત્માર્થીજીવ તેમાં સુખ માનતો નથી. સમ્યક્ત્વ-સન્મુખ આત્માર્થી તત્ત્વવિચારના શુભવિકલ્પમાં સુખ અનુભવે છે પણ સમ્યગ્દષ્ટિ ધર્માત્માને તત્ત્વવિચારનો વિકલ્પ સુદ્ધાં દુઃખરૂપે જ અનુભવાય છે.

અહીં એક બાબત એક જીવ માટે સુખરૂપ હોય અને તે જ બાબત બીજા જીવ માટે દુઃખરૂપ હોય તેમ બની શકે નહિ. પણ અજ્ઞાનીનું મિથ્યાત્વ જ તેના દુઃખને સુખ મનાવે છે. આવું વિપરીત શ્રદ્ધાન કરાવવું તે જ મિથ્યાત્વનું કાર્ય છે. પણ જેમ જેમ મિથ્યાત્વ મંદ પડતું જાય છે તેમ તેમ જે અગાઉ સુખરૂપ જણાતું હતું તે જ હવે દુઃખરૂપ જણાય છે અને મિથ્યાત્વ ટળી ગયા પછી કષાયનો એક કણિયો પણ દુઃખરૂપ જણાય છે. મિથ્યાત્વ ટળી જતા ભ્રાંતિ ટળી જાય છે અને જે દુઃખ છે તે દુઃખપણે જ ભાસે છે.

ઉપરોક્ત પ્રત્યેક પ્રકારે પુણ્યોદય તેમ જ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ છે. તેમ છતાં તેમાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ

મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વ છે. પુણ્યોદયજન્ય દુઃખની આ બાબત સમજવી ઘણી મહત્વની હોઈ આ નીચે તેની ફરીથી પ્રશ્નોત્તરરૂપે વધુ છણાવટ કરવામાં આવે છે.

**પ્રશ્ન ૧ : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એટલે શું ?**

**ઉત્તર :** અજ્ઞાની જીવની પરવિષયો કે પરપદાર્થોમાંથી સુખ મેળવવા માટેની મોહયુક્ત સાંસારિક પ્રવૃત્તિ કે જે પુણ્યોદય સાથે સંબંધિત હોય તેને પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહે છે.

અજ્ઞાની જીવ ધનાદિ બાહ્ય સાનુકૂળ સામગ્રીમાં પોતાનું સુખ માને છે. તે ધનાદિ મેળવવા માટે પોતે વેપાર ધંધા જેવી પ્રવૃત્તિ કરે છે પણ ધનાદિની પ્રાપ્તિ પુણ્યોદય અનુસાર હોય છે. પુણ્યોદય અનુસાર ધનાદિ પ્રાપ્ત થતા તેમાં પોતે સુખ માને છે. આ સુખ મોહજનિત હોય છે આવું મોહજનિત સુખ મનાવનારી પ્રવૃત્તિ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કહેવાય છે. આ રીતે ઇન્દ્રિયોની વિષયોના ભોગવટામાં, કષાય ભાવો અનુસાર કાર્યો થવામાં કે પાપના ઉદયને દૂર થવામાં જીવ જે મોહજનિત સુખ અનુભવે છે તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ જાણવી. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં સુખ માનવામાં આવે છે પણ તે ખરેખર સુખરૂપ હોતી નથી.



**પ્રશ્ન ૨ : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે સુખરૂપ હોતી નથી ?**

**ઉત્તર :** પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એ જીવનો કષાય ભાવ છે, રાગભાવ છે, અશુદ્ધ ભાવ છે. તેથી તેમાં આત્માના સ્વભાવનો ઘાત અને અવગુણની ઉત્પત્તિ છે. તેથી તે સુખરૂપ હોય શકે નહિ.

પરવિષયો કે પરપદાર્થોમાંથી સુખ મેળવવા માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે. પરંતુ પોતાનું કોઇ સુખ પરપદાર્થમાં હોતું નથી. તેથી તેનાથી સુખી થવાનો કોઇ સવાલ બનતો જ નથી.

વળી આ જીવ પરવિષયોમાં પ્રવૃત્ત થતો નથી કે થઇ શકતો પણ નથી. તે માત્ર પરવિષયો સંબંધી જ્ઞાન કરે છે અને આ *'ઠીક'* છે એવો રાગ કરે છે. આ રાગ આત્માનો વિભાવ હોવાથી તે સુખરૂપ હોતો નથી. તેથી પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ સુખરૂપ હોતી નથી. વાસ્તવમાં આ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ જ હોય છે.

**પ્રશ્ન ૩ : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે દુઃખરૂપ જ હોય છે ?**

**ઉત્તર :** પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ૧. મોહજન્ય કષાયભાવ, ૨. બંધનું કારણ, ૩. તૃષ્ણા સહિતની, ૪. ખંડિત, ૫. વિષમ અને ૬. પરાધીન હોવાથી દુઃખરૂપ હોય છે. તે આ રીતે—

### ૧. મોહજન્ય કષાયભાવ

પુણ્યોદય સાથે સંબંધિત મોહજન્ય કષાયભાવ એ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે. મોહજન્ય કષાયભાવ એ આત્માના સુખ સ્વભાવનો ઘાત કરનારો, દુઃખરૂપ વિકૃતિ ઉત્પન્ન કરનારો અને આકુળતામય હોવાથી અત્યંત દુઃખરૂપ હોય છે. તેથી આ મોહજન્ય કષાયભાવરૂપ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ જાણવી.

### ૨. બંધનું કારણ

પરવિષયોને મેળવવા, સાચવવા અને ભોગવવા માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે. વિષયજન્ય આ પ્રકારની પ્રવૃત્તિ તીવ્ર રાગાદિ દોષો સહિતની હોવાથી નરકાદિગતિના કારણભૂત તીવ્ર પાપકર્મના બંધનું કારણ છે, જે પરિણામે દુઃસહ છે. ભવિષ્યના દુઃખના કારણભૂત કર્મબંધનું કારણ હોવાથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ વર્તમાનમાં પણ દુઃખરૂપ જ જાણવી.

### ૩. તૃષ્ણા સહિતની

પરવિષયોને ભોગવવાની ઇચ્છા કે તૃષ્ણા હોય ત્યારે જ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે. તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ધનાદિ કમાવાની ઇચ્છા, ખાવાની ઇચ્છા, મૈથુનની ઇચ્છા જેવી તૃષ્ણાની પ્રગટ વ્યક્તતા સહિતની જ જોવા મળે છે. તૃષ્ણા પોતે જ આકુળતારૂપ છે અને તેથી દુઃખરૂપ છે. આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ તૃષ્ણા સહિતની હોવાથી દુઃખરૂપ છે.

### ૪. ખંડિત

પુણ્યના ઉદયને આધીન હોય તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે. ઉત્કૃષ્ટ પ્રકારનો પુણ્યનો ઉદય હોય તોપણ તેની

વચ્ચે પાપનો ઉદય પણ આવી પડે છે. પાપનો ઉદય એ પુણ્યના ઉદયનો વિરોધી છે. તેથી પાપનો ઉદય આવી જતાં પુણ્યનો ઉદય "ચ્યૂત થઇ જાય છે.

આ રીતે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ તેના વિરોધી પાપોદયની ઉત્પત્તિ સહિતની હોવાથી ખંડિત છે અને તેથી આકુળતામય દુઃખરૂપ છે.

### ૫. વિષમ

પુણ્યના ઉદયને અનુસરીને થતી જીવની મોહજન્ય પરિણતિ તે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે. પુણ્યનો ઉદય હંમેશાં એકસરખો રહેતો નથી અને સમુદ્રમાં આવતી ભરતી-ઓટની જેમ તેમાંય વૃદ્ધિ-હાનિ જોવા મળે છે. તેથી તે અત્યંત વિષમ હોવાથી અસ્થિર છે. અસ્થિર હોવાથી આકુળતામય દુઃખરૂપ છે.

### ૬. પરાધીન

પરપદાર્થ સાથે સંબંધિત હોય તે પરાધીન કહેવાય છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પુણ્યનો ઉદય, પરવિષયો, ઇન્દ્રિયો, કર્મનો ક્ષયોપશમ જેવા અનેક પરપદાર્થ સાથે સંબંધિત હોવાથી પરાધીન છે. પરાધીનતામાં સ્વપ્નેય સુખ હોતું નથી. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પરાધીન હોવાથી સુખરૂપ નથી અને દુઃખરૂપ છે.

ઉપર જેવા કારણોસર પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ખરેખર દુઃખરૂપ છે.

**પ્રશ્ન ૪ : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ખરેખર દુઃખરૂપ હોય તો તે સુખરૂપ શા માટે ભાસે છે ?**

**ઉત્તર :** મોહજન્ય રતિભાવ અને અજ્ઞાનના કારણે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ હોવા છતાં સુખરૂપ ભાસે છે.

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિને કારણે બાહ્ય ઇષ્ટ વિષયો કે સામગ્રીની પ્રાપ્તિ અને તેનો ભોગવટો હોય છે. પણ તેથી આત્મા પુણ્યોદયથી પ્રાપ્ત પરપદાર્થમાં પેસી જતો નથી. પરપદાર્થની પ્રાપ્તિ કે ભોગવટા સમયે વાસ્તવમાં તે પરપદાર્થમાં પેસી જતો નથી પણ તે પરપદાર્થ સંબંધી જ્ઞાન અને રાગ જ કરે છે. તેથી આત્મા હાફુસ કેરીના રસનો ભોગવટો કરતો નથી પણ તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સંબંધી માત્ર જ્ઞાન કરે છે અને મોહના કારણે તે સંબંધી જ્ઞાનમાં ઉપયોગને પ્રયોજનપૂર્વક રોકી 'આ મને ઠીક છે'- એવા પ્રકારનો રાગ કરે છે. આ મોહજન્ય રાગ જ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ છે.

આત્મા એક ક્ષેત્રે રહેલા શરીર અને ઇન્દ્રિયોથી પણ અત્યંત ભિન્ન અને અસ્પૃષ્ટ છે તો તે કેરીના રસથી અભિન્ન અને સ્પૃષ્ટ કેમ હોય ? ન જ હોય. તેથી આત્મા કેરીના રસની પ્રાપ્તિ અને ભોગવટા સમયે ખરેખર કેરીના રસનું જ્ઞાન કરે છે અને તેની સાથે 'આ મને ઠીક છે' એવા પ્રકારનો રાગ કરે છે. આ રાગને સુખ માનવું તે અજ્ઞાનીની અજ્ઞાનના કારણે થતી ભ્રાંતિ છે. આ રાગથી સ્વભાવનો ઘાત, અવગુણની ઉત્પત્તિ અને તેથી થતી આકુળતા હોય છે. આકુળતા એ દુઃખનું જ સ્વરૂપ છે.તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ખરેખર દુઃખરૂપ હોય છે. અજ્ઞાનીને આ દુઃખરૂપ હોવા છતાં મોહજન્ય રતિભાવને કારણે અને અજ્ઞાનથી થતી ભ્રાંતિના કારણે સુખરૂપ ભાસે છે. તે આ રીતે—

પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી જે સુખ મનાય છે તે પુણ્યના ઉદયનું ફળ માનવામાં આવે છે. પુણ્યનો ઉદય એ શાતાવેદનીય નામની અઘાતિ કર્મની પ્રકૃતિ હોવાથી તેનું કાર્ય માત્ર બાહ્ય સામગ્રી સંપાદન જ છે. તે જીવના કોઇ પણ અનુજીવી ગુણનો ઘાત કરતો નથી. તેથી તેનું ફળ આત્મામાં હોતું નથી. તોપણ અઘાતિ કર્મની વેદનીય અને ઘાતિકર્મની મોહનીય પ્રકૃતિને એવો જ નિમિત્ત-નૈમિત્તિક મેળ વિશેષ છે કે વેદનીયકર્મના શાતા કે અશાતાના પુણ્ય કે પાપના ઉદય અનુસાર મોહનીયકર્મના રતિ કે અરતિભાવનો ઉદય હોય છે અને અજ્ઞાનીને તે મોહનીયકર્મના ઉદય અનુસાર જીવમાં થતા રતિભાવમાં સુખ અને અરતિભાવમાં દુઃખ અનુભવાય છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી જે સુખ અનુભવાય છે તે ખરેખર જીવનો મોહજન્ય રતિભાવ હોય છે. મોહજન્ય રતિભાવ એ એક કષાયનો પ્રકાર હોવાથી પરમાર્થે દુઃખરૂપ જ છે. તોપણ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે આ દુઃખને જ સુખ માને છે તે તેની ભ્રાંતિ છે. દુઃખને પણ સુખ મનાવવું તે જ અજ્ઞાનનું કાર્ય છે.

આથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જે સુખ કે દુઃખ ભાસે છે તે વાસ્તવમાં મોહજન્ય રતિ કે અરતિભાવ જ હોય છે. મોહના કારણે જ જીવ પરપદાર્થોમાં સારા કે નરસાપણું માની રાગ કે દ્વેષરૂપ પરિણામે છે. તેને રાગના પરિણામ સુખરૂપ ભાસે છે અને દ્વેષના પરિણામ દુઃખરૂપ ભાસે છે. પરંતુ તે બધાં જ પરિણામ મોહના હોવાથી પરમાર્થે દુઃખના જ છે. આમ પુણ્ય કે પાપના ઉદયથી પ્રાપ્ત બાહ્ય સામગ્રીને કારણે સુખ-દુઃખ નથી પણ મોહના કારણે જ સુખ-દુઃખ હોય છે. આ વિષે પંડિત ટોડરમલજી નીચે મુજબ કહે છે—

*''અશાતા વેદનીયકર્મના ઉદયથી શરીરમાં ભૂખ,*



તરસ, ઉચ્છ્વાસ, પીડા અને રોગાદિક થાય છે. શરીરની અનિષ્ટ અવસ્થાને નિમિત્તભૂત બાહ્યથી અતિ ટાઢ તાપ પવન અને બંધનાદિકનો સંયોગ થાય છે. મોહ વડે એ સર્વમાં જીવને અનિષ્ટ બુદ્ધિ થાય છે. જ્યારે અશાતાનો ઉદય થાય ત્યારે મોહનો ઉદય પણ એવો જ આવે કે જેથી પરિણામોમાં મહાવ્યાકુળ થઈને સર્વને દૂર કરવા ઇચ્છે અને જ્યાં સુધી એ દૂર ન થાય ત્યાં સુધી દુઃખી થાય.

વળી શાતા વેદનીયકર્મના ઉદયથી શરીરમાં અરોગીપણું, બળવાનપણું ઇત્યાદિ થાય છે. શરીરની ઇષ્ટ અવસ્થાને નિમિત્તભૂત બાહ્ય ખાન–પાનાદિક વા રુચિકર પવનાદિકનો સંયોગ થાય છે. તથા બાહ્ય મિત્ર, સુપુત્ર, સ્ત્રી, નોકર–ચાકર, હાથી, ઘોડા, ધન, ધાન્ય, મકાન અને વસ્ત્રાદિકનો સંયોગ થાય છે. હવે મોહ વડે એ સર્વમાં જીવને ઇષ્ટબુદ્ધિ થાય છે. જ્યારે શાતા વેદનીયનો ઉદય થાય ત્યારે મોહનો ઉદય પણ એવો જ આવે કે જેથી પરિણામોમાં તે ચેન માને, એ સર્વની રક્ષા ઇચ્છે તથા જ્યાં સુધી તે રહે ત્યાં સુધી સુખ માને છે. પરંતુ નિર્ણય કરતાં મોહથી જ સુખ–દુઃખનું માનવું થાય છે. માટે સામગ્રીને આધીન સુખ–દુઃખ નથી.''
(મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૩ : પાનું ૬૨, ૬૩)

**પ્રશ્ન ૫ : પાપ કે પુણ્યના ઉદય અનુસાર મળતી સામગ્રીથી જીવના દુઃખ કે સુખ નથી પણ તે સાથે સંબંધિત મોહજન્ય અરતિ કે રતિભાવના કારણે જીવના દુઃખ કે સુખ છે તે બાબત દૃષ્ટાંત આપી સમજાવો.**

**ઉત્તર** : પાપનો ઉદય દુઃખનું કારણ નથી તે માટે **ભાવલિંગી મુનિરાજ**નું અને પુણ્યનો ઉદય સુખનું કારણ નથી તે માટે **તીર્થંકર અરિહંત**નું દૃષ્ટાંત આ નીચે આપવામાં આવે છે.

**ભાવલિંગી મુનિરાજ**ને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીય એ ત્રણ પ્રકારના મોહનો સર્વથા અભાવ હોય છે. અને માત્ર સંજ્વલન મોહનો ઉદય છઠ્ઠા ગુણસ્થાનની સવિકલ્પ દશા સમયે હોય છે. આવા મુનિરાજને પણ કોઈ વાર પૂર્વના પાપનો તીવ્ર અશાતાવેદનીયનો ઉદય આવી પડે છે. તેના કારણે તેમને ઘોર પરિષહ કે ભયંકર ઉપસર્ગનો સામનો કરવો પડે તેવો પ્રસંગ બને છે. તેથી કોઈ મુનિરાજને વાઘ આવીને ખાઈ જાય તેવું પણ બને છે. આવા પ્રસંગે મુનિરાજને ત્રણ પ્રકારના મોહનો અભાવ હોવાથી અને માત્ર સંજ્વલન મોહપૂર્વકનો જ અરતિભાવ હોવાથી તેમને ખાસ કોઈ દુઃખ થતું નથી. આવા ઉપસર્ગના પ્રસંગે ઘણાં મુનિરાજ તો આ પોતાની કસોટીનો કાળ છે તેમ જાણી પોતાના શુદ્ધાત્માના ઉગ્ર અવલંબન વડે સંજ્વલન કષાયના અલ્પ મોહને પણ ટાળી શ્રેણી ચઢી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. અહીં બહારમાં પાપનો ઉદય હોવા છતાં જેને અંદરમાં મોહ ટળી ગયો છે તે જરાય દુઃખ પામતા નથી તે સમજી શકાય છે.



**તીર્થંકર અરિહંત**ને સર્વોત્કૃષ્ટ પુણ્યનો ઉદય છે તેથી તેમને બહારમાં સમવસરણાદિ અચિંત્ય વિભૂતિઓ છે. પરંતુ તેમનું સુખ તેના કારણે નથી. કોઈ સામાન્ય અરિહંત કે મૂક કેવળીને સમવસરણાદિ વિભૂતિ નથી, તીર્થંકર જેવા પુણ્યનો ઉદય નથી. તોપણ તેમનાં સુખમાં કોઈ ફેર પડતો નથી. સિદ્ધ ભગવાનને તો કોઈ પણ કર્મ કે પુણ્યનો ઉદય જ નથી. તેમ છતાં તેઓ સંપૂર્ણ સુખી છે.

આથી સમજાય છે કે પાપ કે પુણ્યનો ઉદય હોવા છતાં જેને મોહ નથી તેને મોહજન્ય દુઃખ કે સુખ થતું નથી. જેનો મોહ જીવતો છે તેવા અજ્ઞાની જીવો જ મોહને આધીન પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી મોહજન્ય સુખ પામે છે.

**પ્રશ્ન ૬ : પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી મોહજન્ય તો મોહજન્ય પણ સુખ તો થાય છે ને ?**

**ઉત્તર** : ભાઈ ! મોહજન્ય સુખ એટલે સુખ નથી પણ સુખાભાસ છે. આવા સુખાભાસને લૌકિકમાં સુખ કહેવાની અપારમાર્થિક રૂઢિ છે તોપણ પારમાર્થિકપણે તે દુઃખ જ છે.

મોહના કારણે સ્વભાવનો ઘાત થાય છે, અવગુણોનું વેદન થાય છે, તૃષ્ણાની વૃદ્ધિ થાય છે અને આકુળતાની ઉત્પત્તિ થાય છે. તો આવા મોહજન્ય પરિણામને સુખ કેમ કહેવાય ? ન જ કહેવાય. વળી આ મોહજન્ય કહેવાતું સુખ એ એક કષાયભાવ છે. વળી તે બંધનું કારણ, તૃષ્ણા સહિતનું,

ખંડિત, વિષમ અને પરાધીન છે. તેથી તે વાસ્તવિક સુખ નથી. જો મોહજન્ય સુખને જ વાસ્તવિક સુખ માની લેવામાં આવે તો વાસ્તવિક સુખ પ્રગટ કરવાનો ઉપાય બની શકતો નથી. વાસ્તવિક આત્મિક સુખ પ્રગટ કરવાનો ઉપાય ત્યારે જ બને કે જ્યારે મોહજન્ય સુખને સુખ માનવાની ભ્રાંતિ ટળે. મોહજન્ય સુખ એ વાસ્તવિક દુઃખ હોવા છતાં તેને સુખ માનવાની ભ્રાંતિ મિથ્યાત્વના કારણે હોય છે. તેથી મિથ્યાત્વ ટળે તો જ દુઃખને સુખ માનવાની ભ્રાંતિ ટળે અને સાચા આત્મિક સુખનો ઉપાય બને.

**પ્રશ્ન ૬ : સાચા આત્મિક સુખનો ઉપાય શો ?**

**ઉત્તર :** મિથ્યાત્વ મટાડી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો તે જ સાચા આત્મિક સુખનો ઉપાય છે.

જેને મિથ્યાત્વ છે તેવા અજ્ઞાની મૂઢ જીવો હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, પરપીડન, સાત પ્રકારના વ્યસનો જેવા તીવ્ર કષાયના પરિણામોમાં પણ સુખ માને છે. અને જેને મિથ્યાત્વ નથી તેવા જ્ઞાની ધર્માત્માઓ વ્રત, તપ, સમિતિ, ગુપ્તિ જેવા મંદ કષાયના ભાવોમાં પણ સુખ માનતા નથી. જે ભાવ અજ્ઞાની માટે સુખરૂપ હોય તે જ્ઞાની માટે દુઃખરૂપ ન થઇ જાય. પણ અજ્ઞાની જીવ પોતાના મિથ્યાત્વના કારણે જ પોતાના દુઃખના પરિણામને પણ સુખ માને છે. તેથી જેણે સુખી થવું હોય તેણે મિથ્યાત્વ ટાળી સમ્યકૃત્વ પ્રગટ કરવાનો ઉપાય કરવો જોઇએ. આ ઉપાય સ્વાધીન હોવાથી થઇ શકે તેવો છે. આ સંબંધી પંડિત શ્રી ટોડરમલજી કહે છે–



*'સમ્યગ્દર્શનાદિકથી ભ્રમ દૂર થાય તો સામગ્રીથી સુખ–દુઃખ ન ભાસતા પોતાના પરિણામથી જ સુખ– દુઃખ ભાસે. વળી યથાર્થ વિચારના અભ્યાસ વડે પોતાના પરિણામ જેમ એ સામગ્રીના નિમિત્તથી સુખી–દુઃખી ન થાય તેમ સાધન કરે. એ સમ્યગ્દર્શનાદિની ભાવનાથી જ મોહ મંદ થતા એવી દશા બની જાય કે બાહ્ય અનેક કારણો મળવા છતાં પણ પોતાને તેમાં સુખ–દુઃખ ભાસે નહિ. એક શાંતદશારૂપ નિરાકુલ બની સાચા સુખને અનુભવે તો જ સર્વ દુઃખ મટી તે સુખી થાય. માટે એ જ સુખી થવાનો સાચો ઉપાય છે.'*
(મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૩, પાનુ ૬૪, ૬૫)

ઉપરોક્ત સમજૂતી અનુસાર પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ જીવનો મોહજન્ય રતિભાવ અને મિથ્યાત્વ જાણવો. જીવનું મિથ્યાત્વ ટળતા અનંતાનુબંધીનો મોહ પણ ટળે છે અને તેથી મોહજન્ય સુખ–દુઃખ પણ થતા નથી અને નિર્મોહ અવસ્થા પ્રગટતા આત્મિક સાચા સુખની પ્રગટતા થાય છે. તેથી પુણ્યોદયજન્ય દુઃખ મટાડવા માટે મિથ્યાત્વને મટાડવાનો ઉપાય કરવો.

## પુણ્યોદયજન્ય દુઃખ ટાળવાનો ઉપાય

*જયમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને*
*એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને.*

**ભાવાર્થ : જેવી રીતે સુવર્ણની અને લોખંડની બેડી કોઈપણ તફાવત વિના પુરુષને બાંધી તેને દુઃખ આપે છે તેમ પુણ્ય અને પાપકર્મ કોઈ પણ તફાવત વિના જીવને બંધનું કારણ બની દુઃખ અપાવે છે. તેથી દુઃખની બાબતમાં તેમનામાં કોઈ તફાવત નથી.** (સમયસાર : ગાથા ૧૪૬)

જેમ લોખંડની બેડી અને સુવર્ણની બેડી અવિશેષપણે જીવને બાંધવાનું જ કામ કરે છે તેમ પાપ અને પુણ્ય અવિશેષપણે જીવને બાંધવાનું જ કામ કરે છે. તેથી પરમાર્થે પાપની જેમ પુણ્ય પણ જીવના દુઃખનું જ કારણ છે. દુઃખની બાબતમાં પાપ અને પુણ્યનું આવું અવિશેષપણું જે જીવ સ્વીકારી શકતો નથી. તેના સંસાર પરિભ્રમણનો અંત ક્યારેય આવતો નથી. દુઃખની બાબતમાં પરમાર્થે પાપ અને પુણ્યમાં કોઇ તફાવત ન હોવા છતાં જીવનું મિથ્યાત્વ જ તેમાં તફાવત કરાવે છે. મિથ્યાત્વનું સ્વરૂપ જ એવું છે કે જે પોતાના દુઃખનેય સુખપણે મનાવે.

અજ્ઞાની જીવ પુણ્યોદયના કારણે ઉત્પન્ન થતા મોહજન્ય રતિભાવ અને તેની સાથે સંબંધિત મિથ્યાત્વના કારણે પોતાના દુઃખને પણ સુખ માની બેસે છે. તેથી તે સાચા સુખનો ઉપાય કરી શકતો નથી. આત્માનું સાચું સુખ આત્માનું મિથ્યાત્વ અને તેની સાથે સંબંધિત અનંતાનુબંધી મોહ ટળવાથી પ્રગટતા સમ્યકૃત્વની સાથે પ્રગટે છે. અને તે ક્રમે ક્રમે વૃદ્ધિ પામી અનંત અવ્યાબાધ શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવે છે.

જેમ માદક કોદરાના નિમિત્તે માણસ પોતાનું ભાન ભૂલી પાગલ જેવો થઇ જાય છે તેનું જ્ઞાન મૂર્ચ્છિત થઇ જાય છે તેને હેય–ઉપાદેયનો કોઇ વિવેક રહેતો નથી. તેમ મિથ્યાત્વના નિમિત્તે અજ્ઞાની જીવ પોતાના સુખ સ્વભાવને ભૂલી જઇને તે જ સુખને માટે બહાવરા જેવો થઇને બહારમાં ભટકે છે. મિથ્યાત્વના કારણે તેની વિવેકબુદ્ધિ કુંઠિત થઇ ગઇ છે અને તેને પોતાના સુખ–દુઃખના સાચા સ્વરૂપનો નિર્ણય નથી અને તેથી પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ હોવા

છતાં તેમાં તે પોતાનું સુખ માને છે. પુણ્યોદયજન્ય દુઃખ અને બીજા અનેક પ્રકારના દુઃખો ટાળવા માટે મિથ્યાત્વ મટાડી સમ્યક્ત્વ પ્રગટ કરવું તે જ તેનો એક માત્ર ઉપાય છે. આચાર્યશ્રી પૂજ્યપાદના શબ્દોમાં—

(કુંડલિયા)

*મોહે આવૃત જ્ઞાન જે પામે નહીં નિજરૂપ;*

*કોદ્રવથી જે મત્ત જન જાણે ન વસ્તુ સ્વરૂપ.*

**ભાવાર્થ :** **જેમ માદક કોદરાના નિમિત્તે માણસ પાગલ જેવો થઈ પોતાનું ભાન ભૂલી જાય છે. તેમ મિથ્યાત્વરૂપી મોહથી આચ્છાદિત જ્ઞાન પોતાના સુખ-દુઃખના સાચા સ્વરૂપને જાણતું નથી.** (ઇષ્ટોપદેશ : ગાથા ૭)

## ઉપસંહાર



સંસારની ચાર ગતિમાં પુણ્યના ફળમાં દેવ ગતિ હોય છે. ચાર પ્રકારના દેવોમાં સૌથી વધારે પુણ્યશાળી વૈમાનિક દેવો હોય છે. આ દેવોના નિવાસ વિમાનના હોવાથી તેઓ વૈમાનિક તરીકે જાણીતા છે. પ્રથમ સોળ સ્વર્ગ સુધીના વૈમાનિક દેવો કલ્પવાસી તરીકે ઓળખાય છે.

કલ્પવાસી વૈમાનિક દેવના સ્વર્ગમાં સૂર્ય-ચંદ્ર નથી. તોપણ ઉત્તમ રત્નોના પ્રકાશથી કાયમ માટે અજવાળું રહે છે. આ સ્વર્ગમાં ભય, શત્રુ, સંતાપ, ઉત્પાતાદિ હોતા નથી. મહાપુણ્યના પ્રભાવથી ઉત્પન્ન આ દેવોનું સુખ સ્વર્ગના સામ્રાજ્યથી સુશોભિત અને સમસ્ત અભ્યુદયથી વિભૂષિત છે.સ્વર્ગનું સુખ સમસ્ત વિષયોના સાધનભૂત, અંતકરણને આનંદરૂપ,અપ્સરાઓના આલિંગનથી અતુલ અને ઇચ્છિત ઉપલબ્ધિથી ઉદાર છે. તેથી પુણ્યોદયજન્ય આ સુખને દુઃખ માનવું દુષ્કર છે.

સામાન્ય રીતે પુણ્યશાળી જીવોને સુખી માનવામાં આવે છે. કલ્પવાસી વૈમાનિક દેવો મહા પુણ્યશાળી હોઇ તેઓ ઘણાં સુખી હશે એમ માનવામાં આવે છે. લોકો ઊંચા પ્રકારના સુખને સ્વર્ગ જેવું સુખ એમ કહેતા હોય છે. પણ વાસ્તવમાં સ્વર્ગલોકમાંય સુખ નથી. કેમ કે, સંસારની કોઇ પણ ગતિ કે કોઇ પણ કર્મનો ઉદય જીવના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ હોય છે. તેથી સંસારની દેવગતિ અને પુણ્યકર્મનો ઉદય પણ જીવના દુઃખનું જ કારણ છે.

દેવગતિનું ઉત્તમ વૈક્રિયિક શરીર કે પુણ્યોદયથી પ્રાપ્ત અન્ય સામગ્રી આત્માના સુખનું સાધન નથી. વાસ્તવમાં પુણ્યોદય એ આત્માના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ હોય છે. એટલું જ નહિ પણ તેનાથી દુઃખની વૃદ્ધિ જ થતી હોય છે. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ મોહજન્ય રતિભાવ અને તેની સાથે સંબંધિત મિથ્યાત્વભાવ છે. પુણ્યોદયમાં સુખ માનવાની ભ્રાંતિ ટળે તો જ સાચા સુખનો ઉપાય બને છે. આ ભ્રાંતિનું કારણ મિથ્યાત્વ છે. તેથી મિથ્યાત્વ ટળે તો જ સાચા સુખનો ઉપાય બને છે. તેથી સુખી થવા માટે મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રગટ કરવું જોઇએ. મિથ્યાત્વ ટાળી સમ્યક્ત્વ પ્રગટ કરવાનો ઉપાય એ એક અલગ વિષય છે. તોપણ તેની સંક્ષિપ્ત માહિતિ અંતિમ પ્રકરણ : ૩૧માં આપવામાં આવશે.

અજ્ઞાની જીવ પાપને દુઃખરૂપ અને પુણ્યને સુખરૂપ માને છે. પરંતુ પાપની જેમ પુણ્ય પણ જીવને દુઃખરૂપ જ છે. જેમ સોનાની બેડી અને લોઢાની બેડીમાં બહારથી ફેર જણાતો હોવા છતાં બંધનની બાબતમાં બન્ને સમાન છે, તેમ પુણ્ય અને પાપમાં બહારથી ભેદ જણાતો હોવા છતાં દુઃખની બાબતમાં બન્ને સમાન છે. તેમ છતાં પુણ્યને દુઃખને બદલે સુખનું સાધન માનનારો જીવ મૂઢ અને મિથ્યાદષ્ટિ છે. આવો જીવ વ્રત, તપાદિ ધરાવનારો હોવા છતાં ચારિત્રભ્રષ્ટ અને દીર્ઘ સંસારી છે તેમ જણાવતાં આચાર્યશ્રી અમિતગતિ કહે છે—

(અનુષ્ટુપ)

**सांसारिकं सुखं सर्वं, दुःखतो न विशिष्यते ।**

**यो नैव बुध्यते मूढः, स चारित्री न भण्यते ।।**

**यः पुण्यपापयोः मूढो, विशेषं नावबुध्यते ।**

**स चारित्रपरिभ्रष्टः, संसार-परिवर्धकः ।।**

**ભાવાર્થ :** પુણ્યોદયથી પ્રાપ્ત સંસારનું કહેવાતું સઘળું જ સુખ પરમાર્થે દુઃખ જ છે. જે જીવ આ બાબત સમજતો નથી તે મૂઢ-મિથ્યાદષ્ટિ છે. આવો જીવ વ્રત, તપાદિ ધરાવનારો હોવા છતાં તેને ચારિત્રવાન કહી શકાતો નથી.

પુણ્ય-પાપમાં બહારથી ભેદ જણાતો હોવા છતાં અંદરમાં દુઃખરૂપ હોવાની બાબતમાં બન્ને સમાન છે. પુણ્ય-પાપની આ પ્રકારની વિશેષતાને સમજી ન શકનારો જીવ ચારિત્રથી પરિભ્રષ્ટ અને સંસારનો પરિવર્ધક જ કહેવો યોગ્ય છે. (યોગસાર-પ્રાભૃત : અધિકાર ૩ : ગાથા ૩૬, ૩૭)

## ટિપ્પણ

**૧. હેય :** છોડવા યોગ્ય, ત્યાજ્ય ●**૨. નિકાય :** ઘર, રહેઠાણ, શરીર, સમૂહ, દેવોના ચાર પ્રકારના સમૂહને ચાર નિકાય કહે છે. ●**૩. લાડો :** વરરાજા, સ્વામી, સૌથી વધુ મહત્ત્વનો, ●**૪. પ્રાસાદ :** મહેલ ●**૫. એકાવતારી :** એક ભવ પછી મોક્ષ જનાર ●**૬. નિયોગ :** નિયુક્ત કર્તવ્ય; અમુક ચોક્કસ પ્રકારની કામગીરી અદા કરવાની જવાબદારી કે ફરજ; લૌકાંતિક દેવો તીર્થંકર ભગવાનના વૈરાગ્યની અનુમોદના કરવાની શિષ્ટાચારરૂપ ફરજ નિભાવે છે તે તેનો નિયોગ કહેવાય છે. ●**૭. પારગામી :** પારંગત, પૂરા જાણકાર,. લૌકાંતિક દેવો ચૌદ પૂર્વના જ્ઞાતા હોવાથી તેમને સંપૂર્ણ શ્રુતના પારગામી કહેવાય છે. ●**૮. દુસ્તર :** મુશ્કેલીથી તરાય-ઓળંગાય એવું ●**૯. ઉદ્યત :** ઉદ્યમી, તત્પર, તૈયાર ●**૧૦. ભૂરી ભૂરી :** ખૂબ, પુષ્કળ, ભરપૂર ●**૧૧. ઉપાદેય :** ગ્રહણ કરવા યોગ્ય ●**૧૨. અળગાં :** દૂર, જૂદાં, વેગળાં, અલગ ●**૧૩. અનુજીવી ગુણો :** જીવના ભાવસ્વરૂપ ગુણોને અનુજીવી ગુણો કહે છે. જેમ કે- જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે. ઘાતિકર્મો જીવના અનુજીવી ગુણોનો ઘાત કરે છે. ●**૧૪. પ્રતિજીવી ગુણો :** જીવના અભાવસ્વરૂપ ગુણોને પ્રતિજીવી ગુણો કહે છે. જેમ કે- અવ્યાબાધત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ વગેરે.. અઘાતિકર્મો જીવના પ્રતિજીવી ગુણોનો ઘાત કરે છે. ●**૧૫. ચ્યુત :** પદભ્રષ્ટ, ખસી જવું

## સંદર્ભ ગ્રંથો

**પ્રાસ્તાવિક :** ૧. અમિતગતિકૃત યોગસાર-પ્રાભૃત : અધિકાર ૪ : બંધ અધિકાર : ગાથા ૩૯, ૪૦; ●૨. સમયસાર : ગાથા ૪૫, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૫૪; ●૩. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૫૨, ૫૫, ૧૦૮;

**વૈમાનિક દેવ અને તેમના ભેદ :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧૬/૨૪૮/૪; ૪/૩/૨૩૮/૬; ૪/૧૭/૨૪૮/૯; ●૨. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૪/૧૬/૧/૨૨૨/૨૯; ૪/૩/૩/૨૧૨/૮; ૪/૧૭/-/૨૨૩/૨; ૪/૧૭//૧/૨૨૩/૪; ●૩. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સ્વર્ગ : ૧, પાનુ ૫૧૦.

**વૈમાનિક દેવના વિમાનોનું વર્ણન, ૧૬ સ્વર્ગ અને ૧૨ કલ્પ :** ૧. તિલોયપણ્ણતિ : ૮/ ૯ થી ૧૭, ૧૧૫ થી ૧૧૮, ૧૮૬, ૩૩૯ થી ૩૫૧; ●૨. ત્રિલોકસાર : ગાથા ૪૫૯ થી ૪૬૨, ૪૭૩ થી ૪૭૯, ૪૮૩; ●૩. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૪/૧૯/૮/-/૨૨૫; ૪/૧૯/૨૬/૨૩૩/૨૪; ●૪. હરિવંશપુરાણ : ૬/૩૬, ૩૭, ૪૪ થી ૬૨, ૬૬ થી ૮૮; ૧૦૧, ૧૦૨ ●૫. જ્ઞાનાર્ણવ : સર્ગ ૩૬ : ઊર્ધ્વલોકનું વર્ણન : ગાથા ૮૮ થી ૧૮૬; ●૬. તત્ત્વાર્થ સૂત્ર : અધ્યાય ૪ : સૂત્ર ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩; ●૭. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સ્વર્ગ ૫, પાનું ૫૧૪ થી ૫૨૦.

**સૌધર્મ ઇન્દ્ર :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧૯/૨૪૯/૭; ●૨. તિલોયપણ્ણતિ : ૮/૪૦૭, ૪૦૮; ●૩. ત્રિલોકસાર : ગાથા ૫૧૫ થી ૫૨૨; ●૪. જૈ. સિ. કોશ : ભાગ ૪ : સૌધર્મ : પાનુ ૪૭૫

**લૌકાંતિક દેવો :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૨૪/૨૫૫/૧; ૪/૨૪/૨૫૫/૭; ૪/૨૫/૨૫૬/૩; ૪/૨૫/૨૫૬/૭; ●૨. તિલોયપણ્ણતિ : ૮/૬૧૫, ૬૩૧ થી ૬૪૬; ●૩. ત્રિલોકસાર : ગાથા ૫૩૯, ૫૪૦ ●૪. તત્ત્વાર્થસૂત્ર : ૪/૨૫; ●૫. તત્ત્વાર્થ રાજવાર્તિક : ૪/૨૪/૧,૨/૨૪૨/૨૫; ૪/૨૫/૩/૨૪૪/૪; ૪/૨૫/૩/૨૪૩/૧૫; ૪/૨૪/૨૪૨/૩૦; ●૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : લૌકાંતિક દેવ : પાનુ ૪૯૩.

**કલ્પવાસી વૈમાનિક દેવનું સ્વરૂપ :** ૧. મૂલાચાર : ૧૦૬૬ થી ૭૦, ૧૧૨૦ થી ૨૩, ૧૧૩૭, ૧૧૪૧ થી ૪૪, ૧૧૪૭ થી ૫૧, ૧૧૭૯-૮૦. ●૨. ત્રિલોકસાર : ગાથા ૫૨૬ થી ૨૮, ૫૩૧, ૫૩૨, ૫૪૨ થી ૫૪૭, ૫૫૦થી ૫૫૩; ●૩. તિલોયપણ્ણતિ : ૮/૪૫૮-૪૫૯, ૬૪૦, ૬૮૫ થી ૬૯૦; ●૪. હરિવંશપુરાણ : ૪/૬૬, ૬/૧૧૩-૧૭; ●૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ : ૧૧/૨૫૩, ૩૪૬ થી ૩૫૨; ●૬. તત્ત્વાર્થરાજવાર્તિક : ૪/૨૧/૮/૨૩૬/૨૬; ૧/૨૧/૭/૮૦/૧૩; ●૭. સર્વાર્થસિદ્ધિ : ૪/૨૧/૨૫૨; ●૮. તત્ત્વાર્થસાર : ૨/૧૩૯ થી ૧૪૧; ●૯. ગોમ્મટસાર : જીવકાંડ : ગાથા ૪૩૦ થી ૪૩૬; ●૧૦. તત્ત્વાર્થસૂત્ર : ૪/૭, ૮, ૧૬ થી ૨૩, ૨૯ થી ૩૪; ●૧૧. ષટ્ખંડાગમ : ૭/૨,૨/સૂત્ર ૩૩ થી ૩૮/ ૧૨૯ થી ૧૩૫; ●૧૨. ત્રિલોકભાસ્કર : પાનુ ૨૬૬ થી ૨૭૨, ૨૭૪, ૨૭૫; ●૧૩. જૈ. સિ. કોશ : ભાગ ૧ : અવગાહના : પાનુ ૧૮૦; અવધિજ્ઞાન : પાનુ ૧૯૭; આયુ : પાનુ ૨૬૬ થી ૨૬૯.

**કલ્પવાસી વૈમાનિક દેવના પુણ્યોદયજન્ય દુઃખ :** ૧. યોગસાર : દોહરો નં. ૭૧; ●૨. જ્ઞાનાર્ણવ : સર્ગ ૪૧ : ગાથા ૨૧ થી ૨૩; ●૩. સમયસાર : ગાથા ૪૫, ૧૪૫, ૧૪૬, ૧૫૪, ૧૯૫, ૧૯૬ અને તેની ટીકા; આત્મખ્યાતિ: શ્લોક ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૩૫; ● ૪. પ્રવચનસાર : ૭૩ થી ૭૭, ૮૩ અને તેની ટીકા; ●૫. યોગસાર : પ્રાભૃત : અધિકાર ૩ : ગાથા ૩૪; ●૬. પંચાધ્યાયી : ઉત્તરાર્ધ : ગાથા ૨૫૬, ૯૯૯; ●૭. શ્રીમદ્ રાજચંદ્ર : મોક્ષમાળા : શિક્ષાપાઠ નં. ૪૯, તૃષ્ણાની વિચિત્રતા; ●૮. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૭, ૯, ૧૯, ૨૦, ૩૩; ●૯. ધવલ : ૭/૨,૧,૧૫/૬૨/૬,૭,૯; ૭/૨,૧,૧૫/૬૩/૧; ૬/૧,૯-૧, ૨૪/૪૬/૧; ૧૩/૫,૫,૯૪/૩૫૯/૯; ૬/૧, ૯-૧, ૨૪/૪૫/૫; ●૧૦. સર્વાર્થસિદ્ધિ : ૮/૯/૩૮૫/૧૧; ●૧૧. તત્ત્વાર્થરાજવાર્તિક : ૮/૯/૩/૫૭૪/૧૦; ●૧૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અધિકાર ૩ : સંસારદુઃખ અને મોક્ષસુખ નિરૂપણ; ●૧૩. ઇષ્ટોપદેશ : ગાથા ૬, ૧૭, ૩૦; ●૧૪. જૈ. સિ. કોશ : ભાગ ૧ : અનુભાગ ૩ : પાનુ ૯૦,૯૧; ભાગ ૨ : કષાય : ૧/૫, ૨/૨, પાનુ ૩૬.

**પુણ્યોદયજન્ય દુઃખ ટાળવાનો ઉપાય :** ૧. પ્રવચનસાર : ગાથા ૭૭, ૮૩ અને તેની ટીકા; ●૨. ઇષ્ટોપદેશ : ગાથા ૭.

**ઉપસંહાર** ૧. જ્ઞાનાર્ણવ : સર્ગ ૩૬, ગાથા ૮૮ થી ૧૮૬; સર્ગ ૪૧, ગાથા ૨૧ થી ૨૪; ●૨. યોગસાર-પ્રાભૃત : અધિકાર ૩ : ગાથા ૩૬, ૩૭.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં □ ચોરસમાં દર્શાવો.**

**૧. સુખ-દુઃખના વિધાનરૂપે પુણ્ય-પાપમાં ભેદ માનનાર કોણ હોય છે ?** ૧. □
A. મૂઢબુદ્ધિવાળો મિથ્યાદષ્ટિ
B. શુદ્ધબુદ્ધિવાળો સમ્યગ્દષ્ટિ
C. સમ્યક્ત્વ-સન્મુખતા રાખનારો આત્માર્થી
D. કોઈપણ સંસારી જીવ

**૨. જેને પુણ્યની રુચિ છે તેને કોની રુચિ નથી ?** ૨. □
A. આત્માના ધર્મની B. સ્વર્ગાદિના ભોગોની
C. સાનુકૂળ સંયોગોની D. સંસારના ભવની

**૩. નીચે પૈકી સૌથી વધુ પુણ્યશાળી કોણ ?** ૩. □
A. જ્યોતિષી દેવ B. વૈમાનિક દેવ
C. ભોગભૂમિના મનુષ્ય D. કલ્પવાસી દેવ

**૪. વૈમાનિક દેવ નીચે પૈકી ક્યા નામે ઓળખાતા નથી ?** ૪. □
A. અહમિન્દ્ર B. કલ્પવાસી
C. વિમાનવાસી D. સ્વર્ગવાસી

**૫. કલ્પવાસી વૈમાનિક દેવના ઇન્દ્રક વિમાનોની કુલ સંખ્યા કેટલી છે ?** ૫. □
A. ૮૪૯૬૭૦૦ B. ૭૫૯૨
C. ૬૩ D. ૫૨

**૬. ૩૨ લાખ વિમાનોનો લાડો ક્યો ઇન્દ્ર છે ?** ૬. □
A. અહમિન્દ્ર B. મહેન્દ્ર
C. ઈશાન D. સૌધર્મ

**૭. સૌધર્મ ઇન્દ્ર કેવો ગણાય છે ?** ૭. □
A. ઉત્તર ઇન્દ્ર B. તદ્ભવ મોક્ષગામી
C. સમ્યગ્દષ્ટિ D. સૌથી ઊંચા પ્રકારનો ઇન્દ્ર

૮. લૌકાંતિક દેવો શા માટે મનુષ્ય લોકમાં આવે છે ? ૮.☐
A. ભગવાનનો દીક્ષા કલ્યાણકનો મહોત્સવ ઉજવવા
B. ભગવાનના વૈરાગ્યની અનુમોદના કરવા
C. ભગવાન સાથે મુનિદીક્ષા અંગીકાર કરવા
D. ભગવાનને વૈરાગ્યનો ઉપદેશ આપવા

૯. લૌકાંતિક દેવોનું 'લૌકાંતિક' નામ શા કારણે હોય છે ? ૯.☐
A. એકાવતારી હોવાથી
B. બારભાવના પૈકીની લોકભાવના ભાવતા હોવાથી
C. સંપૂર્ણ લોકના પારગામી હોવાથી
D. લોકના અંતમાં રહેતા હોવાથી

૧૦. લૌકાંતિક દેવો તીર્થંકર ભગવાનના વૈરાગ્ય પ્રસંગે સ્તુતિ કરતા તેમને 'ત્રિનેત્ર' કહે છે. કેમ કે તેઓ– ૧૦.☐
A. મતિ–શ્રુત–અવધિ એ ત્રણ જ્ઞાનરૂપી ત્રણ નેત્રો ધરાવનારા છે
B. ચર્મચક્ષુ–મનઃચક્ષુ–અવધિચક્ષુ એ ત્રણ નેત્રો ધરાવનારા છે
C. કામદેવને બાળી નાંખે એવું ત્રીજું નેત્ર તેમના કપાળમાં ધરાવનારા છે
D. બ્રહ્મા–વિષ્ણુ–મહેશરૂપ હોવાથી ત્રિનેત્ર છે

૧૧. વૈમાનિક દેવો કઈ બાબતમાં ઉત્કૃષ્ટ નથી ? ૧૧.☐
A. સૌથી વધુ ઊંચે રહેનાર જીવ
B. સૌથી વધુ ઊંચી કક્ષાના જીવ
C. સૌથી વધુ પુણ્યશાળી આત્મા
D. સૌથી વધુ ઋદ્ધિ અને વિભૂતિ ધરાવનાર

૧૨. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દરેક દેવ સૌપ્રથમ શું કામ કરે છે ? ૧૨.☐
A. શાશ્વત જિનપ્રતિમાના દર્શન–પૂજન કરવાનું
B. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી પોતાનો પૂર્વનો ભવ જાણવાનું
C. પોતાની દેવીને મળવાનું
D. રડવાનું

૧૩. વૈમાનિક દેવોના શરીરની મૂળ ઉત્કૃષ્ટ ઊંચાઈ કેટલી હોય છે ? ૧૩.☐
A. ત્રણ હાથ B. સાત હાથ
C. અગીયાર હાથ D. ચૌદ હાથ

૧૪. સૌધર્મ યુગલના દેવનું ઉત્કૃષ્ટ આયુ કેટલું હોય છે ? ૧૪.☐
A. ૫ પલ્ય B. ૫૫ પલ્ય
C. ૨ સાગર D. ૩૧ સાગર

૧૫. સૌધર્મ ઈન્દ્રની શક્તિ કેટલી હોય છે ? ૧૫.☐
A. ભરતક્ષેત્રને ઉપાડીને દડાની જેમ ફેંકી દેવાની
B. મેરુપર્વતને ઉપાડીને દડાની જેમ ફેંકી દેવાની
C. છ ખંડની પૃથ્વીને ઉખેડીને દડાની જેમ ફેંકી દેવાની
D. જંબૂદ્વીપને ઉખાડીને દડાની જેમ ફેંકી દેવાની

૧૬. કલ્પવાસી વૈમાનિક દેવોમાં કયા પ્રકારની લેશ્યા જોવા મળતી નથી ? ૧૬.☐
A. મધ્યમ પ્રકારની પીત લેશ્યા
B. મધ્યમ પ્રકારની પદ્મ લેશ્યા
C. મધ્યમ પ્રકારની શુક્લ લેશ્ય
D. ઉચ્ચ પ્રકારની શુક્લ લેશ્યા

૧૭. પાંચમા બ્રહ્મ સ્વર્ગ નામના દેવલોકના દેવોની કામપીડા કઈ રીતે શાંત થાય છે ? ૧૭.☐
A. આ દેવોને કામપીડા હોતી નથી
B. દેવાંગનાના સ્પર્શ માત્રથી
C. દેવાંગનાના અવલોકન માત્રથી
D. દેવાંગનાના સ્મરણ માત્રથી

૧૮. કલ્પવાસી દેવોમાં ઉપજનારો જીવ કોણ હોય છે ? ૧૮.☐
A. નારકી કે દેવ
B. મનુષ્ય કે પશુ
C. વિકલત્રય કે અસંજ્ઞી પંચેન્દ્રિય
D. નિગોદ કે સ્થાવર

૧૯. કલ્પવાસી વૈમાનિક દેવો ક્યાં ઉપજતા નથી ? ૧૯.☐
A. નિગોદ અને વિકલત્રયમાં
B. પૃથ્વીકાય અને પ્રત્યેક વનસ્પતિકાય
C. સ્થાવર અને ત્રસ
D. મનુષ્ય અને પશુ

૨૦. કલ્પવાસી વૈમાનિક દેવ પર્યાયમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે શું જરૂરી છે ? ૨૦.☐
A. પૂર્વે મનુષ્ય પર્યાયમાં સમ્યક્ત્વ સંબંધી સંસ્કારો પ્રાપ્ત કરેલ હોય તે
B. પૂર્વે મનુષ્ય પર્યાયમાં સંયમ દશા અંગીકાર કરેલ હોય તે
C. સમવસરણમાં સાક્ષાત્ જિનેન્દ્રનું ધર્મશ્રવણ પ્રાપ્ત કરે તે
D. પૂર્વે મનુષ્ય પર્યાયમાં જૈન ધર્મ પાળનાર હોય તે

૨૧. લૌકાંતિક દેવમાં ઉપજનારો જીવ કોણ હોય છે ? ૨૧.☐
A. મહા વૈરાગી ભાવલિંગી મુનિરાજ
B. સમ્યગ્દષ્ટિ ધર્માત્મા
C. નૈષ્ઠિક બ્રહ્મચારી
D. માત્ર કાંજીનો આહાર કરનાર આજીવક

૨૨. કલ્પવાસી વૈમાનિક દેવોમાં નીચે પૈકી કઈ બાબત ઉપર ઉપરના દેવોમાં અધિક અધિક હોય છે ? ૨૨.☐
A. ઈન્દ્રિય દ્વારા વિષય ગ્રહણની શક્તિ
B. પ્રવીચાર C. પરિગ્રહ D. અભિમાન

૨૩. પુણ્યને પણ પાપની જેમ દુઃખરૂપ કહેનાર કોણ હોય છે ? ૨૩.☐
A. કોઈ હોતું નથી B. બુદ્ધિમાન પંડિત
C. સંપૂર્ણ જગત D. મૂઢ અજ્ઞાની

૨૪. પુણ્યમાં સુખ બુદ્ધિ નામનું મિથ્યાત્વ સમ્યક્ત્વની પ્રાપ્તિને અટકાવે છે પણ તે ઉપરાંત તે બીજા કોને અટકાવે છે ? ૨૪.☐
A. પાપના ઉપાર્જનને B. પુણ્યના ઉપાર્જનને
C. આત્માર્થીપણાથી યોગ્યતાને D. સમ્યક્ત્વ–સન્મુખતાને

૨૫. પરમાર્થથી પાપ અને પુણ્યમાં શો ફેર છે ? ૨૫.☐
A. અજ્ઞાન દશામાં ફેર છે પણ જ્ઞાનદશામાં ફેર નથી
B. આસમાન–જમીન જેટલો ફેર છે
C. મામૂલી ફેર છે
D. કોઈ ફેર નથી

૨૬. નિશ્ચયથી તીર્થંકર નામકર્મની પ્રકૃતિ કોના આશ્રયે હોય છે ? ૨૬.☐
A. ક્ષાયિક સમ્યગ્દર્શન B. કેવળી કે શ્રુતકેવળી
C. મોક્ષમાર્ગ D. બંધમાર્ગ

૨૭. પુણ્યોદયને સુખનું સાધન ન માનવામાં આવે તો શું થાય ? ૨૭.☐
A. સામાન્ય કેવળી કરતાં તીર્થંકર કેવળીનું સુખ વધી ન જાય
B. તીર્થંકર મહાવીર અને ઋષભદેવના સુખમાં ફેર ન પડે
C. સંસારનું પરિભ્રમણ ચાલુ ન રહે
D. સિદ્ધ ભગવાનમાં સુખનો સદ્ભાવ ન બને

**૨૮. પુણ્ય અને પાપમાં તફાવત નથી– એમ નથી માનતો તેનું ફળ શું છે ?** ૨૮. ☐
A. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ
B. ઘોર અપાર સંસારનું પરિભ્રમણ
C દુઃખથી છૂટકારો અને સુખની પ્રાપ્તિ
D. સંસારનો અભાવ

**૨૯. સુખ શેમાં હોય છે ?** ૨૯. ☐
A. આત્મામાં B. શરીરમાં
C. સાનુકૂળ સંયોગોમાં D. પુણ્યના ઉદયમાં

**૩૦. ઈન્દ્રિય સુખના અશુદ્ધ સ્વભાવે થતા સુખના પરિણામનું નિશ્ચય કારણ કોણ છે ?** ૩૦. ☐
A. આત્મા B. ઈન્દ્રિયો
C. શરીર D. ઈન્દ્રિયના વિષયો

**૩૧. શા માટે પુણ્યોદય જીવના દુઃખનું કારણ થઈ શકે નહિ ?** ૩૧. ☐
A. પુણ્યોદય અઘાતિકર્મ હોવાથી
B. પુણ્યોદય સુખરૂપ અનુભવાતું હોવાથી
C. કોઈપણ કર્મ જીવના દુઃખનું જ કારણ ન હોવાથી
D. પાપોદય જીવના દુઃખનું કારણ હોવાથી

**૩૨. ક્યા પ્રકારના કર્મના ઉદયના આશ્રયથી આત્માના સુખ ગુણનો ઘાત થાય છે ?** ૩૨. ☐
A. કોઈપણ કર્મ B. ઘાતિકર્મ
C. પાપકર્મ D. પુણ્યકર્મ

**૩૩. આત્માનું સુખ કેવું નથી ?** ૩૩. ☐
A. સ્વાધીન B. કર્મસાપેક્ષ
C. સ્વાભાવિક D. પરમ નિરપેક્ષ

**૩૪. તીર્થંકર કેવળીના સુખનું કારણ શું નથી ?** ૩૪. ☐
A. મોહનો સર્વથા અભાવ
B. સ્વરૂપમાં સ્થિરતા
C. તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો ઉદય
D. પુણ્યોદય પ્રત્યેના લક્ષ કે આશ્રયનો અભાવ

**૩૫. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કોને કહે છે ?** ૩૫. ☐
A. પુણ્યોપાર્જન માટે કરવી પડતી જીવની પ્રવૃત્તિ
B. પુણ્યોદયના કારણે થતી જીવની પ્રવૃત્તિ
C. પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સંયોગો મેળવવા કરવી પડતી જીવની પ્રવૃત્તિ
D. પુણ્યોદય સાથે સંબંધિત જીવની મોહયુક્ત સાંસારિક પ્રવૃત્તિ

**૩૬. જીવના ક્યા પ્રકારની ઈચ્છાનું સાધન પુણ્યના ઉદયથી થતું નથી ?** ૩૬. ☐
A. પાંચ ઈન્દ્રિયોના વિષયોને ભોગવવાની ઈચ્છા
B. કષાય ભાવો અનુસાર કાર્ય થવાની ઈચ્છા
C. પાપના ઉદયથી પ્રાપ્ત શરીરની કે બાહ્યની અનિષ્ટ બાબતોને દૂર કરવાની ઈચ્છા
D. આત્મહિત સાધવાની ઈચ્છા

**૩૭. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ જીવની કઈ બાબતને બતાવે છે ?** ૩૭. ☐
A. અજ્ઞાનને B. મોહને
C. દુઃખને D. સુખને

**૩૮. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ હોય છે. તેનું કારણ નીચે પૈકી ક્યું નથી ?** ૩૮. ☐
A. તે મોહ અને મિથ્યાત્વ સહિતની છે
B. પાપનો ઉદય પુણ્યના ઉદયને ચ્યૂત કરી નાંખે છે
C. તેનાથી ઈચ્છાની પૂર્તિ થતી નથી
D. તે પરલક્ષી છે.

**૩૯. મોહના કારણે પુણ્યોદયથી પ્રાપ્ત પર વિષયોમાં ક્યો ભાવ થાય છે ?** ૩૯. ☐
A. એકત્વ B. પૃથ્થકત્વ
C. અકર્તૃત્વ D. અભોક્તૃત્વ

**૪૦. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી દુઃખની જ વૃદ્ધિ થાય છે. તેનું કારણ નીચે પૈકી ક્યું નથી ?** ૪૦. ☐
A. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ જીવના દુઃખને દર્શાવનાર હોવાથી
B. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખનું કારણ હોવાથી
C. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં જણાતું સુખ ભ્રાંતિજન્ય હોવાથી
D. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ઈચ્છાની વૃદ્ધિનું કારણ હોવાથી

**૪૧. પુણ્યોદયના આશ્રયે શું હોય છે ?** ૪૧. ☐
A. તૃષ્ણા અને દુઃખ B. સંતોષ અને સુખ
C. તૃપ્તિ અને શાંતિ D. આનંદ અને મુક્તિ

**૪૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં અજ્ઞાની જીવ શા માટે વધુ ને વધુ પ્રવૃત્ત થાય છે ?** ૪૨. ☐
A. ભ્રાંતિજન્ય સુખ થાય છે પણ તેથી તૃપ્તિ થતી નથી
B. વિષયનો ભોગવટો થાય છે પણ તેથી કોઈ સુખ થતું નથી
C. ઈચ્છાનું સાધન થાય છે પણ તેની વૃદ્ધિ થાય છે
D. ક્ષણિક સુખ થાય છે પણ તેથી સંતોષ થતો નથી.

**૪૩. એવું ક્યું સામર્થ્ય છે કે જેના કારણે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખની વૃદ્ધિનું કારણ બનતી નથી ?** ૪૩. ☐
A. ઋદ્ધિ–સિદ્ધિ B. જ્ઞાન–વૈરાગ્ય
C. મંત્ર–તંત્ર D. ધ્યાન–યોગ

**૪૪. 'નવાણુંનુંચક્ર' વાર્તામાંના નોકરની બેચેનીનું કારણ શું હતું?** ૪૪. ☐
A. અતિશય ગરીબાઈ
B. સો રૂપિયામાં એક રૂપિયો ઓછો મળવો
C. વધતી જતી તૃષ્ણા
D. રૂપિયાની બચત

**૪૫. શાસ્ત્રીય ક્રમમાં વેદનીય કર્મને ક્યાં મૂકવામાં આવે છે?** ૪૫. ☐
A. અઘાતિ કર્મોના અંતે આઠમા ક્રમે
B. ઘાતિકર્મો પછી પાંચમા ક્રમે
C. ઘાતિકર્મોની વચ્ચે અને મોહનીય કર્મની પછી ચોથા ક્રમે
D. ઘાતિકર્મોની વચ્ચે અને મોહનીય કર્મની અગાઉ ત્રીજા ક્રમે

**૪૬. ઘાતિકર્મો જીવનાં ક્યા પ્રકારના ગુણોનો ઘાત કરે છે ?** ૪૬. ☐
A. સાધારણ B. સાધારણ–અસાધારણ
C. પ્રતિજીવી D. અનુજીવી

**૪૭. શાતા વેદનીયના પુણ્યોદય સમયે જે સુખ ભાસે છે તેનું કારણ ક્યું ?** ૪૭. ☐
A. પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સામગ્રી
B. પાપના ઉદયના કારણે મળેલા પ્રતિકૂળ સંયોગો દૂર થવા
C. મોહજન્ય રતિભાવ
D. ઈષ્ટ વિષયોનો ભોગવટો

**૪૮. જેમ જેમ મિથ્યાત્વ મંદ પડતું જાય છે તેમ તેમ શું થાય છે ?** ૪૮ ☐
A. અગાઉ જે દુઃખરૂપે વેદાતું હતું તે હવે સુખરૂપે વેદાય છે.
B. અગાઉ જે સુખરૂપ અનુભવાતું હતું તે હવે દુઃખરૂપ અનુભવાય છે.
C. અગાઉ જે સુખરૂપ ભાસતું હતું તે હવે વધુ સુખરૂપ ભાસે છે.
D. અગાઉ જે સુખરૂપ જણાતું હતું તે હવે દુઃખરૂપ અને અગાઉ જે દુઃખરૂપ જણાતું હતું તે હવે સુખરૂપ જણાય છે.

૪૯. શા માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ હોય છે? ૪૯. ☐

A. બંધનું કારણ
B. ઇચ્છાની આંશિક પૂર્તિ
C. વિષયનો ભોગવટો
D. પુણ્યોદયથી પ્રાપ્ત સાનુકૂળ સંયોગો

૫૦. મોહજન્ય સુખને જ વાસ્તવિક સુખ માની લેવામાં આવે તો શું થાય ? ૫૦. ☐

A. વાસ્તવિક આત્મિક સુખનો ઉપાય ન થાય
B. મોહજન્ય સુખ એ જ વાસ્તવિક સુખ બની જાય
C. મોહજન્ય સુખની વધુ ને વધુ પ્રાપ્તિ થાય
D. મોહજન્ય સુખ અને વાસ્તવિક સુખ એ બેમાંથી એકેય ન મળે

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.

૧. શા માટે પાપની જેમ પુણ્ય પણ હેય છે ?
૨. ક્યા પ્રકારના સંસારી જીવમાં પુણ્યના ઉદયની પ્રમુખતા છે ?
૩. વૈમાનિક દેવના બે ભેદ જણાવો.
૪. વૈમાનિક દેવના વિમાનોના ત્રણ પ્રકારના નામ આપો.
૫. સ્વર્ગ એટલે શું ?
૬. કલ્પ એટલે શું ?
૭. યુગલ એટલે શું ?
૮. સૌધર્મ ઇન્દ્રની પ્રમુખતામાં શું ઉજવાઇ છે ?
૯. સૌધર્મ ઇન્દ્ર અને તેની ઇન્દ્રાણી શચીની વિશેષતા શી છે ?
૧૦. લૌકાંતિક દેવો ક્યા પ્રસંગે મનુષ્ય ક્ષેત્રમાં આવે છે ?
૧૧. સૌધર્મ યુગલના દેવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુ જણાવો.
૧૨. સૌધર્મ યુગલની દેવીઓનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુ જણાવો.
૧૩. વૈમાનિક દેવોનો અવધિજ્ઞાનનો વિષય કેટલો હોય છે ?
૧૪. વૈમાનિક દેવોમાં વિક્રિયા ઋદ્ધિ કેટલા પ્રકારની હોય છે ? કઇ કઇ ?
૧૫. સૌધર્મ ઇન્દ્રમાં વિક્રિયા ઋદ્ધિના કારણે કેવી શક્તિ હોય છે ?
૧૬. સૌધર્મ સ્વર્ગમાં ક્યા પ્રકારની લેશ્યા હોય છે ?
૧૭. અચ્યુત સ્વર્ગમાં ક્યા પ્રકારની લેશ્યા હોય છે ?
૧૮. પ્રવીચાર કોને કહે છે ?
૧૯. સૌધર્મ યુગલમાં પ્રવીચાર ક્યા પ્રકારે છે ?
૨૦. સનતકુમાર યુગલમાં પ્રવીચાર ક્યા પ્રકારે છે ?
૨૧. બ્રહ્મ યુગલમાં પ્રવીચાર ક્યા પ્રકારે છે ?
૨૨. મહાશુક્ર અને સહસ્રાર યુગલમાં પ્રવીચાર ક્યા પ્રકારે છે ?
૨૩. આનતાદિ ચાર સ્વર્ગમાં પ્રવીચાર ક્યા પ્રકારે છે ?
૨૪. સામાન્યપણે ક્યો જીવ કલ્પવાસી વૈમાનિક દેવમાં ઉપજે છે ?
૨૫. મંદારમાળા કરમાઈ જવાથી ખૂબ વિલાપ કરીને મરણ પામનારા દેવ ક્યાં ઊપજે છે ?
૨૬. આનતાદિ ચાર સ્વર્ગના દેવો ક્યાં ઊપજે છે ?
૨૭. કલ્પવાસી વૈમાનિક દેવમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરનારો જીવ કેવા હોય છે ?
૨૮. અજ્ઞાની જીવો પાપ અને પુણ્યને કઈ રીતે જુદા જાણે છે ?
૨૯. અજ્ઞાની જીવો પુણ્યને શા માટે ઉપાદેય જાણે છે ?
૩૦. પુણ્ય અને તેના ફળમાં અનુરાગી અજ્ઞાની જીવો શેનાથી અળગાં રહે છે ?
૩૧. ન્યાયશાસ્ત્ર અનુસાર કોઈપણ બે બાબતમાં જુદાપણાં માટે શું જરૂરી છે ?
૩૨. પુણ્યોદયથી કઈ સામગ્રી પ્રાપ્ત થાય છે ?
૩૩. પુણ્ય અને તેના ફળથી પ્રાપ્ત સામગ્રી કેવી હોય છે ?
૩૪. ક્યા પ્રકારના પરિણામ દુઃખ કે સુખરૂપ હોય તે સંબંધી સમ્યક્ સિદ્ધાંત શો છે ?
૩૫. જીવના કેવા પરિણામના કારણે પુણ્ય કર્મનું બંધન હોય છે ?
૩૬. ક્યા પ્રકારના કર્મનો ઉદય આત્માના દુઃખનું કારણ છે ?
૩૭. આત્માના સુખ ગુણનો ઘાત કરનાર ક્યું કર્મ છે ?
૩૮. પુણ્યોદય અનુસાર પ્રવૃત્તિની વ્યાખ્યા આપો.
૩૯. જીવની અનેક પ્રકારની ઇચ્છાઓને કેટલા પ્રકારમાં વહેંચી શકાય છે ? ક્યા ક્યા ?
૪૦. શેના નિવારણ માટે પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ હોય છે ?
૪૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિથી શેની પૂર્તિ શક્ય નથી ?
૪૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ કેવી છે ?
૪૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શેના સહિતની હોય છે ?
૪૪. મોહના કારણે શું થાય છે ?
૪૫. સુખ અને દુઃખનું મૂળ કારણ શું છે ?
૪૬. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શેની વૃદ્ધિનું કારણ છે ?
૪૭. પુણ્યોદય શેનું કારણ હોવાથી દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે ?
૪૮. પુણ્યોદય અનુસાર થતું સુખ કેવું હોય છે કે જેના કારણે તે દુઃખની વૃદ્ધિનું કારણ બને
૪૯. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શેની વૃદ્ધિનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે ?
૫૦. જ્ઞાનીની જ્ઞાન શક્તિના કારણે શું હોય છે ?
૫૧. જ્ઞાનીને જ્ઞાન શક્તિના કારણો શેમાં સુખબુદ્ધિ થતી નથી ?
૫૨. જ્ઞાનીની વૈરાગ્યશક્તિના કારણે શું હોય છે ?
૫૩. જ્ઞાનીની વૈરાગ્યશક્તિના કારણે શું થાય છે ?
૫૪. 'નવાણુનું ચક્ર' વાર્તામાં રાજાની ઉદાસીનું કારણ શું હતું ?
૫૫. રાજાનો નોકર પણ રાજાની જેમ બેચેન શા માટે બની ગયો?
૫૬. વેદનીય કર્મ અઘાતિ હોવા છતાં કોના સદ્ભાવ અને પ્રભાવથી ઘાતિકર્મની જેમ જીવભાવનો ઘાત કરે છે ?
૫૭. કર્મના શાસ્ત્રીય ક્રમ અનુસાર વેદનીય કર્મનો ક્રમ જણાવો.
૫૮. ઘાતિકર્મો કોને કહે છે ? તે ક્યા ક્યા છે ?
૫૯. અઘાતિકર્મો કોને કહે છે ? તે ક્યાં ક્યાં છે ?
૬૦. પુણ્યના ઉદયમાં સુખ કોના કારણે જણાય છે ?
૬૧. પાપના ઉદયમાં દુઃખ કોના કારણે જણાય છે ?
૬૨. સુખ–દુઃખની હીનાધિકતા કોના કારણે હોય છે ?
૬૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં દુઃખ હોવા છતાં સુખ માનવાની ભ્રાંતિનું કારણ શું છે ?
૬૪. અજ્ઞાનીને જે સુખરૂપે અનુભવાય તે જ બાબત જ્ઞાનીને શા માટે દુઃખરૂપે અનુભવાય છે ?
૬૫. ક્યા કારણોસર પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખરૂપ હોય છે ?

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. પુણ્ય સંબંધે પૂજ્ય શ્રી કાનજીસ્વામીનું કથન શું છે ?
૨. વૈમાનિક દેવ કોને કહે છે ?
૩. વૈમાનિક દેવના કેટલા ભેદ છે ? તેની સમજૂતી આપો.
૪. વૈમાનિક દેવના વિમાનોની વિગત આપો.
૫. સ્વર્ગ કોને કહે છે ? તેના નામ આપો.
૬. કલ્પ કોને કહે છે ? તેના નામ આપો.
૭. સ્વર્ગ અને કલ્પ વચ્ચેનો તફાવત જણાવો.
૮. સ્વર્ગ સંબંધી યુગલ કોને કહે છે. તેના નામ આપો.
૯. ઉત્તર ઇન્દ્ર અને દક્ષિણ ઇન્દ્રની માહિતી આપો.
૧૦. સૌધર્મ ઇન્દ્ર વિષેની માહિતી આપો.
૧૧. સૌધર્મ ઇન્દ્રના દિવ્ય પ્રાસાદનું સ્વરૂપ જણાવો.
૧૨. લૌકાંતિક દેવો શા માટે મનુષ્ય ક્ષેત્રમાં આવે છે ?
૧૩. લૌકાંતિક દેવ કોને કહે છે ? તેના પ્રકાર જણાવો.
૧૪. લૌકાંતિક દેવનું સ્વરૂપ જણાવો.
૧૫. લૌકાંતિક દેવો ભગવાનના વૈરાગ્યનું અનુમોદન કરતાં શું કહે છે ?
૧૬. લોકાંતિક દેવો ભગવાનની સ્તુતિ કરતાં તેમને ક્યા ક્યા નામથી સંબોધે છે તેની યાદી બનાવો.
૧૭. કલ્પવાસી વૈમાનિક દેવની આહાર પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.
૧૮. કલ્પવાસી વૈમાનિક દેવની શરીર પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.
૧૯. કલ્પવાસી વૈમાનિક દેવની શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.
૨૦. કલ્પવાસી વૈમાનિક દેવના જન્મનું વર્ણન કરો.
૨૧. કલ્પવાસી વૈમાનિક દેવના આયુષ્ય વિષે જણાવો.
૨૨. કલ્પવાસી વૈમાનિક દેવીના આયુષ્ય વિષે જણાવો.
૨૩. કલ્પવાસી વૈમાનિક દેવના અવધિજ્ઞાનની માહિતી આપો.
૨૪. કલ્પવાસી વૈમાનિક દેવની વિક્રિયા ઋદ્ધિ વિષેની માહિતી આપો.
૨૫. કલ્પવાસી વૈમાનિક દેવની લેશ્યા વિશુદ્ધિ વિષે જણાવો.
૨૬. જુદા જુદા કલ્પવાસી વૈમાનિક દેવના પ્રવીચાર વિષેની માહિતી આપો.
૨૭. ક્યા જીવો કલ્પવાસી વૈમાનિક દેવમાં અવતરે છે ? તેની માહિતી આપો.
૨૮. કલ્પવાસી વૈમાનિક દેવ મરણ પામીને ક્યાં અવતરે છે ?
૨૯. કલ્પવાસી વૈમાનિક દેવ શેમાં ઊપજતા નથી ?
૩૦. કલ્પવાસી વૈમાનિક દેવમાં સમ્યક્ત્વ પ્રાપ્તિના નિમિત્તો જણાવો.

૩૧. કલ્પવાસી વૈમાનિક દેવમાં ઊપજવાનું કારણ બતાવતી માહિતી આપો. તેમાં ક્યા પ્રકારના જીવો ક્યાં ઉપજે છે તે જણાવો.

૩૨. કલ્પવાસી વૈમાનિક દેવની હીનાધિકતા વિષે માહિતી આપો.

૩૩. અજ્ઞાની જીવ પાપની જેમ પુણ્ય અને તેના ફળને દુઃખરૂપ કેમ માની શકતો નથી ?

૩૪. 'પુણ્યમાં સુખબુદ્ધિ' એ મિથ્યાત્વ ટાળવું આવશ્યક જ નહિ અનિવાર્ય છે, એ બાબત સમજાવો.

૩૫. પરમાર્થે પુણ્ય–પાપનું સમાનપણું કઈ રીતે છે ?

૩૬. હેતુ અપેક્ષાએ પાપ–પુણ્ય કઈ રીતે જુદા છે અને કઈ રીતે સમાન છે ?

૩૭. સ્વભાવ અપેક્ષાએ પાપ–પુણ્ય કઈ રીતે જુદા છે અને કઈ રીતે સમાન છે ?

૩૮. અનુભવ અપેક્ષાએ પાપ–પુણ્ય કઈ રીતે જુદા છે અને કઈ રીતે સમાન છે ?

૩૯. આશ્રય અપેક્ષાએ પાપ–પુણ્ય કઈ રીતે જુદા છે અને કઈ રીતે સમાન છે ?

૪૦. શા માટે પુણ્યોદય સુખનું સાધન નથી ?

૪૧. પુણ્યોદયને સુખને સાધન માનનારનો શેનો અંત આવતો નથી ? શા માટે ?

૪૨. પુણ્યોદયથી પ્રાપ્ત સામગ્રી શા માટે સુખનું સાધન બની શકતી નથી ?

૪૩. કલ્પવાસી વૈમાનિક દેવનું પુણ્યોદયથી પ્રાપ્ત શરીર કેવું હોય છે ?

૪૪. દેવનું દિવ્ય શરીર પણ તેના સુખનું સાધન શા માટે નથી ?

૪૫. પુણ્યોદય જીવના સુખનું નહિ પણ દુઃખનું જ કારણ થઈ શકે શા માટે ?

૪૬. પુણ્યોદય જીવના દુઃખનું કારણ હોય તો તીર્થંકર કેવળીને ઘણા પુણ્યનો ઉદય છે, તે તેના દુઃખનું કારણ છે ? કઈ રીતે ?

૪૭. પુણ્યનું કારણ શું છે ? કઈ રીતે ?

૪૮. શા માટે પુણ્યનો ઉદય દુઃખનું જ કારણ થઈ શકે ?

૪૯. કોઈપણ કર્મનો ઉદય જીવના દુઃખનું જ કારણ હોય છે. શા માટે ?

૫૦. કર્મ સાપેક્ષ જીવના પરિણામ કેવા હોય ? શા માટે ?

૫૧. શા માટે આઠેય પ્રકારના કર્મ જીવના દુઃખનું કારણ હોય છે ?

૫૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ એટલે શું ?

૫૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે છે ?

૫૪. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ પોતે જ દુઃખરૂપ કઈ રીતે ?

૫૫. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખની વૃદ્ધિનું જ થાય છે તેના ત્રણ કારણો જણાવો.

૫૬. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ દુઃખનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે તે બાબત સમજાવો.

૫૭. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિમાં થતું ભ્રાંતિજન્ય સુખ પણ દુઃખની વૃદ્ધિનું કારણ બને છે તે બાબત સમજાવો.

૫૮. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ઇચ્છાની વૃદ્ધિનું કારણ હોવાથી તે દુઃખની વૃદ્ધિનું પણ કારણ બને છે તે બાબત સમજાવો.

૫૯. જ્ઞાનીને પણ પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ જોવામાં આવે છે. તો પણ તે તેના દુઃખની વૃદ્ધિનું કારણ શા માટે બનતું નથી ? તે સમજાવો.

૬૦. જ્ઞાનીની જ્ઞાન–વૈરાગ્યની શક્તિ એટલે શું ? અને તે શું કામ કરે છે ? તે સમજાવો.

૬૧. 'નવાણુંનું ચક્ર' વાર્તાનો સાર સમજાવો.

૬૨. શ્રીમદ્ રાજચંદ્રના તૃષ્ણાની વિચિત્રતા દર્શાવતા કાવ્યની આધારે એક ગરીબની તૃષ્ણા કઈ રીતે વધતી જાય છે તે સમજાવો.

૬૩. જીવના અનુજીવી ગુણો કોને કહે છે ?

૬૪. જીવના પ્રતીજીવી ગુણો કોને કહે છે ?

૬૫. આઠ કર્મોના શાસ્ત્રીય ક્રમમાં વેદનીય કર્મને ક્યાં મૂકવામાં આવે છે ? શા માટે ?

૬૬. અઘાતિ કર્મમાં પુણ્ય અને પાપ પ્રકૃતિઓના કર્મો ક્યા છે?

૬૭. પુદ્ગલ વિપાકી અને જીવવિપાકી કર્મો એટલે શું ?

૬૮. વેદનીય કર્મ અઘાતિ હોવાથી પુદ્ગલવિપાકી હોવું જોઈએ, તેમ છતાં તેને જીવવિપાકી શા માટે કહેવામાં આવે છે૬૯. અઘાતિ કર્મો પૈકી કઈ કર્મની પ્રકૃતિઓને જીવવિપાકી અને કઈ કર્મની પ્રકૃતિઓને પુદ્ગલવિપાકી કહેવામાં આવે છે.

૭૦. કર્મના શાસ્ત્રીય ક્રમમાં અંતરાય કર્મને સૌથી છેલ્લે શા માટે મૂકવામાં આવે છે ?

૭૧. વેદનીય કર્મના ઉદય સાથે મોહનીય કર્મનો ક્યા પ્રકારનો ઘનિષ્ઠ સંબંધ છે ?

૭૨. અશાતા વેદનીયના પાપના ઉદય સમયે જે દુઃખ અનુભવાય છે તે શું છે ? શા માટે ?

૭૩. શાતા વેદનીયના પુણ્યના ઉદય સમયે જે સુખ અનુભવાય છે તે શું છે ? શા માટે ?

૭૪. રતિ–અરતિભાવ કઈ રીતે સમાન છે ? તેના જેવા બીજા યુગલ કષાયો ક્યા છે ?

૭૫. નોકષાય એટલે શું ? તે ક્યા ક્યા છે ?

૭૬. રતિ–અરતિભાવ સુખ–દુઃખ શા માટે જણાય છે ? તેનું કારણ શું છે ?

૭૭. જુદા જુદા જીવોનો પાપનો ઉદય કે પુણ્યનો ઉદય એકસરખો હોય તોપણ તેમનું દુઃખ કે સુખ એક સરખું હોતું નથી તેનું શું કારણ ?

૭૮. મિથ્યાત્વ શું છે ? તેના કારણો શું થાય છે ?

૭૯. જેમ જેમ મિથ્યાત્વ મંદ પડતું જાય છે તેમ તેમ શું થાય છે ? તે બાબત દૃષ્ટાંત આપી સમજાવો.

૮૦. મિથ્યાત્વ ટળી જતા શું થાય છે ? અને તેથી સુખ–દુઃખના સંદર્ભમાં શું ભાસે છે ?

૮૧. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે સુખરૂપ હોતી નથી?

૮૨. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ શા માટે દુઃખરૂપ હોય છે ?

૮૩. પુણ્યોદય અનુસારની પ્રવૃત્તિ ખરેખર દુઃખરૂપ હોય તો તે સુખરૂપ શા માટે ભાસે છે ? તે સમજાવો.

૮૪. પાપના ઉદયના કારણે મળતી પ્રતિકૂળ સામગ્રીથી દુઃખ નથી પણ મોહજન્ય અરતિભાવને કારણે દુઃખ હોય છે તે દર્શાવતું દૃષ્ટાંત આપો.

૮૫. પુણ્યના ઉદયના કારણે મળતી અનુકૂળ સામગ્રીથી સુખ નથી પણ મોહજન્ય રતિભાવને કારણો સુખ હોય છે તે દર્શાવતું દૃષ્ટાંત આપો.

૮૬. મોહજન્ય સુખને જ સાચુ સુખ માની લઈએ તો શો વાંધો આવે ?

૮૭. પુણ્યોદયજન્ય દુઃખ ટાળવાનો ઉપાય શો છે ?

૮૮. અનાદિ સંસારનું અનંત દુઃખ કઈ રીતે ટળે ?

## નીચેના વચ્ચેના તફાવત દર્શાવો (ત્રણ મુદ્દાઓ આપો)

૧. કલ્પવાસી દેવ અને કલ્પાતીત દેવ
૨. સ્વર્ગ અને કલ્પ
૩. ઉત્તર ઈન્દ્ર અને દક્ષિણ ઈન્દ્ર
૪. પાપકર્મ અને પુણ્યકર્મ (વ્યવહારથી)

## વિદ્યાર્થીઓની જુથપ્રવૃત્તિ

૧. આ પ્રકરણમાં આવતા દૃષ્ટાંતો અને તેના ઉપરથી તારવવાનાં સિદ્ધાંતોની યાદી બનાવો.

૨. આ પ્રકરણમાં આવતાં શ્રીમદ્ રાજચંદ્રની તૃષ્ણાની વિચિત્રતા દર્શાવતા કાવ્યનું નૃત્ય નાટિકારૂપે પ્રદર્શન કરો.

૩. પુણ્યોદયજન્ય દુઃખ સંબંધી પેટા વિભાગો પાડી તેની અલગ અલગ જૂથમાં વહેંચણી કરી તે દરેક ઉપરનો અલગ અલગ પ્રોજેક્ટ તૈયાર કરો.

## શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. તૃષ્ણાની વિચિત્રતા કાવ્યનું વિદ્યાર્થીઓ પાસે સમૂહગાન કરાવી તેનો અર્થ સમજાવો. શ્રીમદ્દનું અન્ય કવિત 'સાહ્યબી સુખદ હોય' તે વિષે પણ માહિતી અને સમજૂતી આપો.

૨. અનુજીવી-પ્રતિજીવી ગુણો, ઘાતિ-અઘાતિકર્મો, જીવવિપાકી, પુદ્ગલવિપાકી, ક્ષેત્રવિપાકી અને ભવવિપાકી કર્મો સંબંધી પૂરક માહિતી વિદ્યાર્થીઓને પૂરી પાડો.

૩. નવાણુંના ચક્ર જેવી સુભૂમ ચક્રવર્તીની કથા વિદ્યાર્થીઓને કહો. જેમાં તૃષ્ણા અધિકતા જ તેને સાતમી નરકે પહોંચાડે છે તે બાબતને મુખ્યપણે સમજાવો.